RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 014 Dt. 02-08-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ભારત-અમેરિકાની ભાગીદારીએ ઝીલ્યા પડકારો

## ટેરિફ વોર વચ્ચે વિદેશ મંત્રાલયનું આવ્યું નિવેદન : કોઈપણ દેશ સાથેના ભારતના સંબંધો તેની યોગ્યતા પર આધારિત છે




નવીદિલ્હી, તા. ૧

વિદેશ મંત્રાલય દ્વારા આયોજિત એક પત્રકાર પરિષદમાં, અમેરિકા અને રશિયા સાથે ભારતના સંબંધો પર ખુલ્લેઆમ ચર્ચા કરવામાં આવી. ભારત વિરુદ્ધ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તીખી ટીકાને નકારી કાઢતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે બંને દેશો વચ્ચેની ભાગીદારીમાં ઘણા ફેરફારો અને પડકારોનો સામનો કરવો પડ્યો છે. ટ્રમ્પ દ્વારા ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવ્યા બાદ અને ભારતીય અર્થતંત્રને ''મૃત'' ગણાવ્યાના એક દિવસ બાદ વિદેશ મંત્રાલયની આ ટિપ્પણી આવી છે. ભારતે રશિયા પાસેથી તેલ ખરીદવા સામે અમેરિકાના વાંધો ઉઠાવતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે ''કોઈપણ દેશ સાથેના અમારા સંબંધો તેની યોગ્યતા પર આધારિત છે અને તેમને કોઈ ત્રીજા દેશના પ્રિઝમ દ્વારા જોવા જોઈએ નહીં. જ્યાં સુધી ભારત-રશિયા સંબંધોનો સંબંધ છે, અમારી ભાગીદારી સ્થિર અને સમયની કસોટી પર ખરી ઉતરેલી છે.''

ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો પર બોલતા રણધીર જયસ્વાલે કહ્યું કે અમેરિકા સાથે અમારા મજબૂત સંરક્ષણ સંબંધો છે જે છેલ્લા ઘણા વર્ષોથી વધુ મજબૂત બની રહ્યા છે. તેમણે કહ્યું કે, આ ભાગીદારીએ ઘણા ફેરફારો અને પડકારોનો સામનો કર્યો છે. ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ એક વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે જે સહિયારા હિતો, લોકશાહી મૂલ્યો અને મજબૂત લોકો-થી-લોકોના સંબંધો પર આધારિત છે. અમેરિકા સાથેના આપણા સંબંધો સતત વધતા રહેશે. અમે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ જે નક્કર એજન્ડા માટે પ્રતિબદ્ધ છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. ભારત દ્વારા રશિયન તેલની ખરીદી અંગે જયસ્વાલે કહ્યું કે તે રાષ્ટ્રીય હિતથી પ્રેરિત છે. ''આપણી ઉર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવામાં, બજારમાં શું ઉપલબ્ધ છે અને પ્રવર્તમાન વૈશ્વિક પરિસ્થિતિઓ દ્વારા અમને માર્ગદર્શન આપવામાં આવે છે,'' તેમણે કહ્યું.

ભારત-અમેરિકા સંરક્ષણ સંબંધો પર, વિદેશ મંત્રાલયે કહ્યું કે અમેરિકા સાથે અમારી મજબૂત સંરક્ષણ ભાગીદારી છે, જે છેલ્લા ઘણા વર્ષોમાં વધુ મજબૂત બની છે. ભારત-અમેરિકા ૨૧મી સદીના કરાર હેઠળ આ ભાગીદારી વધુ મજબૂત બનવાની શક્યતા છે. F-35 ની ખરીદી સંબંધિત પ્રશ્ન પર, વિદેશ મંત્રાલયે કહ્યું કે શસ્ત્રોની ખરીદી રાષ્ટ્રીય સુરક્ષા જરૂરિયાતો અનુસાર કરવામાં આવે છે. ભારત-રશિયા સંબંધો પર વિદેશ મંત્રાલયે કહ્યું કે વિવિધ દેશો સાથેના અમારા દ્વિપક્ષીય સંબંધો તેમના પોતાના આધાર પર છે. આને કોઈ ત્રીજા દેશના દ્રષ્ટિકોણથી ન જોવું જોઈએ. ભારત અને રશિયા વચ્ચે સ્થિર અને સમયની કસોટી પર ખરા ઉતરેલી ભાગીદારી છે.

### રાહુલ ગાંધીના મૃત અર્થવ્યવસ્થાના નિવેદનને પાયાવિહોણું ગણાવતા થરૂર

# કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક ફાટફૂટ

નવીદિલ્હી, તા. ૧

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે શુક્રવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભારતની અર્થવ્યવસ્થા મૃત હાલતમાં હોવાની ટિપ્પણીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે આવું બિલકુલ નથી. થરૂરની આ ટિપ્પણી કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીના નિવેદનથી સંપૂર્ણપણે અલગ છે, જેમાં તેમણે ટ્રમ્પની મૃત અર્થવ્યવસ્થા પરની ટિપ્પણી સાથે સંમતિ વ્યક્ત કરી હતી. આ રીતે થરૂરે ખુલ્લેઆમ રાહુલ ગાંધીથી અલગ વલણ અપનાવ્યું છે. સંસદ સંકુલમાં પત્રકારો દ્વારા પૂછવામાં આવ્યું કે શું ભારતીય અર્થતંત્ર ''બરબાદ થઈ ગયું છે'', ત્યારે થરૂરે કહ્યું, ''ના, ના, બિલકુલ નહીં, તમે જાણો છો.''



લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનનું સમર્થન કરતા દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સિવાય બધા જાણે છે કે ભારત એક 'મૃત અર્થતંત્ર' છે અને વડા પ્રધાને અર્થતંત્રનો નાશ કર્યો છે. ભારત અને રશિયા સાથે મળીને તેમની બરબાદ થયેલી અર્થવ્યવસ્થાના તળિયે જઈ શકે છે અને તેનાથી તેમને કોઈ ફરક પડશે નહીં, એમ ટ્રમ્પે ભારતમાંથી આયાત પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કર્યાના કલાકો પછી સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું.

અગાઉ, અમેરિકા દ્વારા ભારત પર ૨૫ ટકા ટેરિફ અને દંડની જાહેરાત કર્યા પછી, થરૂરે કહ્યું હતું કે વેપાર કરાર પર ચાલી રહેલી વાટાઘાટો વચ્ચે આ ફક્ત ''સોદાબાજીની વ્યૂહરચના'' હોઈ શકે છે. તેમણે એમ પણ કહ્યું કે જો સારો સોદો શક્ય ન હોય તો ''આપણે પાછળ હટવું પડી શકે છે'', થરૂરે કહ્યું. થરૂરે અમેરિકા પર કટાક્ષ કરતા કહ્યું કે તે ''તેલ ભંડાર'' વિકસાવવા માટે પાકિસ્તાન સાથે કામ કરશે અને પાકિસ્તાનમાં તેલ શોધવા માટે તેમને શુભકામનાઓ પાઠવશે. ''આપણે બધા (ભારત અને પાકિસ્તાન) એક સમયે એક દેશ હતા,'' તેમણે સંસદ સંકુલમાં પત્રકારોને જણાવ્યું. મેં એવો કોઈ અહેવાલ જોયો નથી કે હાલના પાકિસ્તાનમાં ઘણું તેલ મળી શકે છે.

# GST કલેક્શન ૧.૯૬ લાખ કરોડ

### વાર્ષિક ધોરણે ૭.૫ ટકાનો વધારો : જૂન ૨૦૨૫માં દેશનું કુલ GST કલેક્શન ૧.૮૪ લાખ કરોડ હતું

નવીદિલ્હી, તા. ૧

જુલાઈ ૨૦૨૫ માં GST કલેક્શનનો ડેટા જાહેર કરવામાં આવ્યો છે. આ વર્ષે જુલાઈમાં કુલ GST કલેક્શન આશરે રૂ. ૧.૯૬ લાખ કરોડ રહ્યું હતું, જે વાર્ષિક ધોરણે ૭.૫ ટકાનો વધારો દર્શાવે છે. સ્થાનિક આવકમાં વધારાને કારણે મુખ્યત્વે GST કલેક્શનમાં વધારો થયો છે. ગયા વર્ષે જુલાઈમાં ગ્રોસ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કલેક્શન રૂ. ૧.૮૨ લાખ કરોડ હતું. તમને જણાવી દઈએ કે જૂન ૨૦૨૫માં દેશનું કુલ GST કલેક્શન ૧.૮૪ લાખ કરોડ રૂપિયા હતું અને મે ૨૦૨૫માં GST કલેક્શન ૨.૦૧ લાખ કરોડ રૂપિયા હતું. તમને જણાવી દઈએ કે આ વર્ષે એપ્રિલમાં GST કલેક્શન ૨.૩૭




લાખ કરોડ રૂપિયાના જીવનકાળના ઉચ્ચતમ સ્તરે હતું.

GST કલેક્શન ઉપરાંત, જુલાઈ ૨૦૨૫ માં કુલ સ્થાનિક આવક ૬.૭ ટકા વધીને રૂ. ૧.૪૩ લાખ કરોડ થઈ. જ્યારે, આ સમયગાળા દરમિયાન, આયાતમાંથી કર વસૂલાત ૯.૫ ટકા વધીને રૂ. ૫૨,૭૧૨ કરોડ થઈ. આ વર્ષે જૂનમાં આયાતમાંથી કર વસૂલાત રૂ. ૪૫,૬૯૦ કરોડ રહી હતી. સરકારી આંકડા અનુસાર, આ વર્ષે જુલાઈમાં GST રિફંડ વાર્ષિક ધોરણે ૬૬.૮ ટકા વધીને રૂ. ૨૭,૧૪૭ કરોડ થયું છે. જૂનમાં કુલ રિફંડ રૂ. ૨૫,૪૯૧ કરોડ હતું. જુલાઈ ૨૦૨૫ માં ચોખ્ખી GST આવક વાર્ષિક ધોરણે ૧.૭ ટકા વધીને રૂ. ૧.૬૯ લાખ કરોડ થઈ. આ વર્ષે જૂનમાં ચોખ્ખો GST કલેક્શન ૧.૫૯ લાખ કરોડ રૂપિયા હતો. ઊઢ ઇન્ડિયાના ટેક્સ પાર્ટનર સૌરભ અગ્રવાલે જણાવ્યું હતું કે કેટલાક વૈશ્વિક દબાણ અને કામચલાઉ મંદી છતાં, એકંદર વલણ સ્થિર વપરાશ પેટર્ન અને અર્થતંત્રના સતત વિકાસ તરફ નિર્દેશ કરે છે. અગ્રવાલે જણાવ્યું હતું કે, સરકારની સમયસર રિફંડ પ્રક્રિયા પણ કંપનીઓ માટે મોટી મદદ છે, જે ખાતરી કરે છે કે તેમની પાસે જરૂરી કાર્યકારી મૂડી છે.

જુલાઈ સતત સાતમો મહિનો હતો જેમાં કલેક્શન રૂ. ૧.૮ લાખ કરોડને વટાવી ગયું હતું, પરંતુ આ આંકડો નાણાકીય વર્ષ ૨૬ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રૂ. ૨.૧ લાખ કરોડના સરેરાશ કરતા ઓછો હતો. એપ્રિલમાં રેકોર્ડ ૨.૩૭ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચેલો જીએસટી કલેક્શન મે મહિનામાં ઘટીને ૨.૦૧ લાખ કરોડ રૂપિયા થઈ ગયો. રિફંડ માટે એડજસ્ટ કર્યા પછી, જુલાઈમાં ચોખ્ખી GST આવક રૂ. ૧,૬૮,૫૮૮ કરોડ થઈ, જે એક વર્ષ પહેલા રૂ. ૧,૬૫,૮૦૦ કરોડથી માત્ર ૧.૭ ટકા વધુ છે.

### ઈન્ટેલિજન્ટ ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન દ્વારા રજીસ્ટર કચેરીમાં હાથ ધરાયેલી તપાસમાં થશે અનેક ચોંકાવનારા ખુલાસા

# બિલ્ડર લોબી ફરી ઈન્કમ ટેક્સની રડારમાં

### વિસ્તૃત રિપોર્ટ ઈન્વેસ્ટિગેશન વિંગને સોપાય એનીજ રાહ : ગુજરાતનું પ્રથમ મોટું ઓપરેશન , અન્ડર રિપોર્ટિંગ થયું હોવાની શક્યતા : છેલ્લા પાંચ વર્ષના દસ્તાવેજોની હાથ ધરાઈ ચકાસણી

રાજકોટ, તા. ૧

હાલ એક દિવસ પૂર્વે આવકવેરા વિભાગની ઈન્ટેલિજન્સ અને ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન વિંગ દ્વારા જે તપાસ રજિસ્ટ્રાર કચેરીમાં હાથ ધરવામાં આવી તેમાં ઘણા ચોકાવનારા ખુલાસાઓ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે મળતી માહિતી મુજબ આ વીંગ દ્વારા હાલ જે સર્વે હાથ ધરવામાં આવ્યો તેમાં એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે અત્યારે જે હરિયલ એસ્ટેટ ડેવલોપરો દ્વારા જે રીતે નાણાકીય વ્યવહાર કર્યા હોય અને કરચોરીમાં સંડોવણી હોય તેવા કિસ્સામાં આગામી સરચ ઓપરેશન જે તે રિયલ એસ્ટેટ ડેવલોપર પર થાય તેઓ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. હાલ ઈન્ટેલિજન્સ એન્ડ ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન દ્વારા આ અંગે હજુ સુધી કોઈ વ્યક્તિગત નિવેદન આપવામાં આવ્યું નથી પરંતુ આ વિંગના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ જે તપાસ હાથ ધરવામાં આવી તેમાં વિભાગને ઘણી મોટી અને ચોકાવનારી વિગતો સામે આવી છે જે અંગે હાલ તપાસ ચાલી રહી છે અને તેનો રિપોર્ટ આગામી દિવસોમાં ઈન્વેસ્ટીગેશન વિંગ ને સોંપી દેવામાં આવશે.

અત્યાર સુધી આવકવેરા વિભાગની ઈન્વેસ્ટીગેશન વિંગ રીયલ એસ્ટેટ અને સોના ચાંદીના વેપારીઓ પર તવાઈ બોલાવતી હતી પરંતુ હાલ જે પગલાં લેવામાં આવ્યા છે તેનાથી એ વાત તો સ્પષ્ટ છે કે આગામી દરોડામાં રિયલ એસ્ટેટ ડેવલોપર આવકવેરા વિભાગના ઈન્વેસ્ટિગેશન વિંગનો ભોગ બની શકે છે. ૩૦ લાખથી વધુ ના દસ્તાવેજો થયા હોય તેમાં ઘણી ખરી માહિતી રિપોર્ટમાં છુપાવવામાં આવી હતી આ અંગેની ચોક્કસ બાતમીના આધારે જ ક્રિમિનલ અને ઈન્વેસ્ટિગેશન વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું સાથે સર્વે પણ હાથ ધરાયો.

ધર્મેન્દ્ર કોલેજમાં કાર્યરત દસ્તાવેજ નોંધણી સબ રજીસ્ટ્રાર ઝોન પાંચ કચેરીમાં આવકવેરા વિભાગની ટીમ દ્વારા રાત્રી દરમિયાન કલાકો સુધી તપાસ હાથ ધરવામાં આવી હતી અને જે રીતે તપાસનો ધમધમાટ આગળ વધ્યો તેનાથી એ વાત તો હવે સ્પષ્ટ થઈ ચૂકી છે કે આ કેસમાં અનેક મોટા ખુલાસા થશે તેમાં કોઈ શંકા નથી. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર અને વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ શંકાસ્પદ દસ્તાવેજો ની યાદી પણ તૈયાર કરવામાં આવી છે અને તે અંગે હાલ તપાસ પણ શરૂ કરી દેવાય છે. ત્યારે આ તપાસ રાજકોટના ટોચના બિલ્ડરો પર




જોવા મળે તો પણ નવાઈ નહીં. આ અંગેની જાણ આડકતરી થતા જ બિલ્ડર લોબીમાં આપો મચી ગયો છે અને આ તપાસને કેમ નબળી પાડવી તે માટેના કાવા દાવા પણ શરૂ કરી દેવામાં આવ્યા છે.

ઈન્વેસ્ટિગેશન વિંગ ની તપાસ પૂર્વેજ હાલ જે બિલ્ડરો ની છે તેઓએ તેમના હિસાબો ચોખા કરવા માટે મહેનત શરૂ કરી દીધી છે પરંતુ આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર વિભાગને ઘણું એવું સાહિત્ય મળ્યું છે કે જેનાથી રીયલ એસ્ટેટ ડેવલોપ કરવાની ઊંઘ હરામ થઈ જાય તો પણ નવાઈ નહીં. વિભાગ ના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ ઘણા ખરા દસ્તાવેજોમાં પાન નંબર મિસ મેચ થયા છે જે અત્યંત ગંભીર ભૂલ પણ માનવામાં આવી શકે ત્યારે આ કાર્યવાહી જાણી જોઈને કરાઈ છે કે કેમ તે પણ સૌથી મોટો પ્રશ્ન છે. સબ રજીસ્ટ્રાર-કચેરીમાંથી ૨૦૨૦-૨૦૨૧ થી પાંચ વર્ષમાં થયેલા મિલકત દસ્તાવેજોનો ડેટા કલેકટ કરવામાં આવ્યો હતો. બાતમી ધરાવતા કેસોમાં ઝીણવટભરી તપાસ ઉપરાંત અન્ય કેટલાક કેસોના ખુલાસા થયાની સંભાવના છે સમગ્ર ડેટાની વિસ્તૃત ચકાસણી કરવામાં આવી રહી છે.

મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ અને તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈ દ્વારા જે ફ્લાવર બેડનો કન્સેપ્ટ લાગુ કરવામાં આવ્યો હતો તે બાદ કમ્પ્લેશનને લઈ ઘણા ખરા પ્રશ્નો ઉભા થયા અને આ કારણોસર રીયલ એસ્ટેટ ક્ષેત્રને ઘણી અસર પણ પહોંચી એટલું જ નહીં તરલતા નો પણ પ્રશ્ન જોવા મળ્યો. ત્યારે આવકવેરા વિભાગના ઈન્વેસ્ટિગેશન વિંગ ની તપાસનો દર હાલ સતાવી રહ્યો છે ત્યારે પૂરતો અને યોગ્ય દસ્તાવેજ બિલ્ડરો દ્વારા કરવામાં આવ્યો ન હોવાનું માલુમ પડતાને અંગેની બાતમી મળતા જ હાલ ઈન્ટેલિજન્સ એન્ડ ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન દ્વારા ગંભીરતાપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી.

અત્યાર સુધી આવકવેરા વિભાગે જે રીતે રીયલ એસ્ટેટ ગ્રુપ ઉપર જે તપાસ હાથ ધરી છે તેમાં આ વખતે હવે વિભાગ પણ નવી મોડેસ ઓપરેન્ડી અપનાવે તો નવાઈ નહીં હાલ રીયલ એસ્ટેટ ગ્રુપ ઉપર જે રીતે ક્રિમિનલ અને ઈન્વેસ્ટીગેશન વિંગે તપાસનો ધમધમાટ આગળ વધાર્યો છે તેનાથી એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે હવે ઈન્વેસ્ટિગેશન વિંગ પણ આમાં ઊંડાણપૂર્વક ઝંપલાવશે અને એક્શન લેશે. ત્યારે હવે શક્યતા એ વાતની પણ છે કે એક બે બિલ્ડર ગ્રુપ નહીં પરંતુ લાગટે લાગટ પાંચથી વધુ બિલ્ડર ગ્રુપ પર સર્ચ ઓપરેશન હાથ ધરાઈ તેવી વાત વાયુ વેગે સંભળાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બુધવારે ઈન્કમટેકસની ટીમ દ્વારા સબ રજીસ્ટ્રાર ઝોન-૫ કચેરીમાં સર્વે કરવામાં આવ્યો હતો. ડેટા એન્ટ્રીની ચકાસણી કરવા સાથે પાંચ વર્ષનો ડેટા મેળવ્યો હતો. ઝોન-૫ હેઠળ નાના મવા-મોટામવા તથા વાજડી જેવા મિલકતની ઉંચી કિંમત ધરાવતા વિસ્તારો આવે છે અને છેલ્લા પાંચ વર્ષમાં જોરદાર વિકાસ થવા સાથે સંખ્યાબંધ પ્રોજેકટ થયા છે.




# ચોમાસામાં STની ૨૪ લાખથી વધુ ટ્રીપો

## ૯ કરોડથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડ્યા : ભારે વરસાદમાં પણ એસટી બસ સેવા કાર્યરત

રાજકોટ, તા. ૧

કુદરતી આપદા જેમ કે, ભારે વરસાદ, પૂર જેવી પરિસ્થિતિઓમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ-ઋઋઋઈની બસ મુસાફરોને સમયસર અને સલામત રીતે પોતાના ગંતવ્ય સ્થળે પહોંચાડવા માટે કટિબદ્ધ રહી છે. હાલ ચાલુ વર્ષે ચોમાસાની ઋતુમાં તા.૧ જૂન ૨૦૨૫થી લઈને અત્યારસુધી એટલે કે, ૩૦ જૂલાઈ ૨૦૨૫ સુધીમાં રાજ્યના ૧૨૫ એસ.ટી ડેપોમાંથી ૨૪ લાખથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને ૯ કરોડથી વધુ મુસાફરોને નિગમની બસો દ્વારા તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોચાડ્યા છે.

રાજયમાં જૂન માસમાં ભારે વરસાદ દરમિયાન સૌરાષ્ટ્રના ભાવનગર અને બોટાદ જિલ્લાની ફક્ત ૧.૪૦% ટ્રીપો રદ થઇ હતી. જ્યારે દક્ષિણ ગુજરાતના સુરત અને તાપી જિલ્લાની ૧.૬૦% ટ્રીપો રદ કરવામાં આવી હતી. જુલાઈ માસમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં થયેલ ભારે વરસાદથી ૦.૬૪% ટ્રીપો રદ કરવામાં આવી હતી. આ રદ થયેલ ટ્રીપો માત્ર ત્રણ દિવસમાં નિગમે પુનઃ કાર્યરત કરી હતી.

નાગરિકોને બસ સ્ટેશન અને ડેપોથી લઈને પોતાની મુસાફરી પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ પણ પ્રકારની હાલાકી ન રહે તે બાબતની ચિંતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી કરી રહ્યા છે. જેના ભાગરૂપે ગુજરાતમાં એસ.ટી નિગમની સ્લીપર, વોલ્વો, મિનીબસ સહિતની અન્ય બસો આજે ટેક્નોલોજીયુક્ત અને ઇજ-૬ પ્રકારની છે. પર્યાવરણને નુકશાન ન થાય તે માટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનર શીપ ધોરણે ૫૦ મીની ઈલેક્ટ્રિક બસો તેમજ નિગમની ૦૫ ડબલ ડેકર બસ મળીને કુલ ૫૫ ઈલેક્ટ્રિક બસો હાલ ગુજરાતમાં કાર્યરત છે.

ગુજરાત એસ.ટી. નિગમ માત્ર વાહન ચલાવવાનું કામ નથી કરતું, પરંતુ તે રાજ્યના નાગરિકોની જીવનશૈલીનું એક અવિભાજ્ય અંગ બની ગયું છે. નિગમની બસો દૈનિક સરેરાશ ૩૨ લાખ કિલોમીટરનું અંતર કાપી, અંદાજે ૩૭,૦૦૦ જેટલી ટ્રીપો દ્વારા ૨૭ લાખથી વધુ મુસાફરોને પરિવહન સેવાઓ રાજ્યના નાગરિકોને આપી રહી છે. આ ઉપરાંત નિગમ દ્વારા દૈનિક ૪.૪૨ લાખ જેટલી ગ્રામીણ વિદ્યાર્થીનીઓને ૧૦૦% ફ્રી વિનામૂલ્યે મુસાફરી કરવાની સુવિધા આપવામાં આવે છે. આમ દૈનિક ૫.૫૦ લાખ વિદ્યાર્થીઓને ૮૨.૫૦%ના રાહત દરે મુસાફરી કરાવવાનો લાભ આપવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થીઓ, દૈનિક નોકરિયાત વર્ગ અને અન્ય મુસાફરોને પડતી મુશ્કેલીઓ માટે નિગમ સતત કાર્યરત રહી અસરકારક આયોજન કરી રહી છે. દર વર્ષે ચોમાસામાં એસ.ટી. નિગમના ડ્રાઇવર, કંડક્ટર તથા મિકેનિકલ સ્ટાફ દ્વારા વાહનોની તકનિકી તપાસ તથા માર્ગોની સ્થિતિને ધ્યાને લઈ રાજ્યમાં કાર્યરત એસ.ટી બસોની ટ્રીપોનું આયોજન તૈયાર કરવામાં આવે છે.

# ઓવલ ટેસ્ટ બની ઉગ્ર

## પ્રસિદ્ધ અને રૂટ વચ્ચે થઈ બબાલ

### રૂટ પહેલી ઈનિંગમાં ૪૫ બોલનો સામનો કર્યા બાદ માત્ર ૨૯ રન બનાવીને આઉટ થયો હતો




નવીદિલ્હી, તા. ૧

લંડનના કેનિંગ્ટન ઓવલ મેદાન પર ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી શ્રેણીની છેલ્લી ટેસ્ટ મેચના બીજા દિવસે પ્રખ્યાત કૃષ્ણા અને જો રૂટ વચ્ચે ઉગ્ર દલીલ જોવા મળી. બીજા દિવસની રમતમાં, ભારતીય ટીમ તેની પ્રથમ ઇનિંગમાં ૨૨૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઇંગ્લેન્ડની શરૂઆત ઘણી સારી રહી હતી જેમાં તેમણે ૯૨ રનના સ્કોર પર પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી હતી, જ્યારે લંચ પછી બીજા સત્રમાં, જ્યારે ઇંગ્લેન્ડને ૧૨૯ રનના સ્કોર પર બીજો ફટકો પડ્યો, ત્યારે જો રૂટ બેટિંગ કરવા આવ્યો અને શરૂઆતમાં થોડો અસ્વસ્થ દેખાતો હતો, જેમાં પ્રખ્યાત કૃષ્ણાએ પણ તેમને કેટલાક સારા બોલ ફેંક્યા. આ દરમિયાન બંને વચ્ચે દલીલ પણ જોવા મળી.

ઈંગ્લેન્ડ ટીમના પ્રથમ દાવ દરમિયાન, ૨૨મી ઓવરમાં, જ્યારે પ્રખ્યાત કૃષ્ણા ભારત તરફથી બોલિંગ કરવા આવ્યા, ત્યારે જો રૂટ તેની ઓવરના પહેલા પાંચ બોલમાં એક પણ રન બનાવી શક્યો નહીં. આ દરમિયાન, પ્રસિધે જો રૂટને કંઈક એવું કહ્યું જેના કારણે તે ખૂબ ગુસ્સે થઈ ગયો. રૂટે ઓવરનો છેલ્લો બોલ ગલી તરફ રમ્યો જે સીધો બાઉન્ડ્રી લાઇનની પાર ગયો. આ દરમિયાન, પ્રખ્યાત કૃષ્ણા અને જો રૂટ વચ્ચે ફરી દલીલ થઈ, જેને જોઈને મેદાન પરના અમ્પાયરોએ દરમિયાનગીરી કરવી પડી જેથી બંને ખેલાડીઓને શાંત કરી શકાય. ફિલ્ડ અમ્પાયર કુમાર ધર્મસેનાએ પ્રખ્યાત કૃષ્ણાને બાજુમાં લઈ ગયા અને તેમની અને ભારતીય કેપ્ટન શુભમન ગિલ બંને સાથે વાત કરી. ઓવલ ટેસ્ટ મેચમાં બેટિંગ કરવી અત્યાર સુધી એક મુશ્કેલ કાર્ય જેવું લાગતું હતું. જો રૂટ, જે મજબૂત રીતે સ્થિર હતો, મોહમ્મદ સિરાજની ઇનકમિંગ ડિલિવરી ચૂકી ગયો અને અમ્પાયરે તેને કઇઠ આઉટ આપ્યો. રૂટ પહેલી ઈનિંગમાં ૪૫ બોલનો સામનો કર્યા બાદ માત્ર ૨૯ રન બનાવીને આઉટ થયો હતો, જેમાં તેણે ૬ ચોગ્ગા પણ ફટકાર્યા હતા.




# બે હજારની ૬,૦૧૭ કરોડની નોટો હજુ પણ ચલણમાં

## RBIએ આપ્યું મોટું નિવેદન : નવેમ્બર ૨૦૧૬માં ૨,૦૦૦ રૂપિયાની નોટ જારી કરવામાં આવી હતી

નવીદિલ્હી, તા. ૧

ભારતીય રિઝર્વ બેંકએ શુક્રવારે ૨,૦૦૦ રૂપિયાની નોટ પર એક મોટું અપડેટ આપ્યું છે. રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે નોટબંધીના બે વર્ષ પછી પણ ૬,૦૧૭ કરોડ રૂપિયાની નોટો હજુ પણ ચલણમાં છે. બે હજાર રૂપિયાની બેંક નોટો હજુ પણ કાયદેસર ચલણમાં રહે છે. RBIએ ૧૯ મે ૨૦૨૩ ના રોજ ચલણમાંથી ૨,૦૦૦ રૂપિયાની નોટ પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. ૧૯ મે, ૨૦૨૩ ના રોજ ચલણમાં રહેલી ૨,૦૦૦ રૂપિયાની નોટોનું કુલ મૂલ્ય ૩.૫૬ લાખ કરોડ રૂપિયા હતું, જે ૩૧ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં ઘટીને ૬,૦૧૭ કરોડ રૂપિયા થઈ ગયું છે, એમ RBIએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ રીતે, ૧૯ મે, ૨૦૨૩ સુધીમાં, ચલણમાં રહેલી ૨૦૦૦ રૂપિયાની બેંક નોટોમાંથી ૯૮.૩૧ ટકા પરત આવી ગઈ છે. ૧૯ મે, ૨૦૨૩ થી રિઝર્વ બેંકના ૧૯ ઇશ્યુ ઓફિસોમાં બે હજાર રૂપિયાની બેંક નોટ બદલવાની સુવિધા ઉપલબ્ધ છે.

૯ ઓક્ટોબર, ૨૦૨૩ થી, રિઝર્વ બેંકના ઇશ્યૂ ઓફિસો પણ વ્યક્તિઓ/સંસ્થાઓ પાસેથી ૨,૦૦૦ રૂપિયાની નોટો તેમના બેંક ખાતામાં જમા કરાવવા માટે સ્વીકારી રહ્યા છે. આ ઉપરાંત, લોકો દેશના કોઈપણ પોસ્ટ ઓફિસમાંથી ભારતીય પોસ્ટ દ્વારા ૨,૦૦૦ રૂપિયાની નોટો RBIના કોઈપણ ઇશ્યુ ઓફિસમાં મોકલી રહ્યા છે જેથી તેમને તેમના બેંક ખાતામાં જમા કરાવી શકાય. આ ઇશ્યૂ ઓફિસો અમદાવાદ, બેંગલુરુ, બેલાપુર, ભોપાલ, ભુવનેશ્વર, ચંદીગઢ, ચેન્નાઈ, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, જમ્મુ, કાનપુર, કોલકાતા, લખનૌ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હી, પટના અને તિરુવનંતપુરમમાં છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૪ ની કલમ ૨૪(૧) હેઠળ નવેમ્બર ૨૦૧૬ માં ૨,૦૦૦ રૂપિયાની નોટ જારી કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશની ચલણ જરૂરિયાતોને ઝડપથી પૂર્ણ કરવાનો હતો જ્યારે જૂની ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટો બંધ કરવામાં આવી હતી. જ્યારે આ ઉદ્દેશ્ય પ્રાપ્ત થયો અને અન્ય મૂલ્યોની પૂરતી સંખ્યામાં નોટો ઉપલબ્ધ થઈ, ત્યારે ૨૦૧૮-૧૯માં ૨૦૦૦ રૂપિયાની નોટોનું છાપકામ બંધ કરવામાં આવ્યું. મોટાભાગની ૨૦૦૦ રૂપિયાની નોટો માર્ચ ૨૦૧૭ પહેલા જારી કરવામાં આવી હતી અને હવે તેમની અપેક્ષિત મુદત (૪-૫ વર્ષ) પૂર્ણ થઈ ગઈ છે. એવું પણ જોવા મળ્યું છે કે ₹ ૨૦૦૦ ની નોટનો ઉપયોગ સામાન્ય રીતે વ્યવહારોમાં થતો નથી.

# PM કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૦મો હપ્તો રિલીઝ

## ગુજરાતના ૧૬ લાખથી વધુ ખેડૂત પરિવારોને મળશે ૧,૧૧૮ કરોડથી વધુની સહાય : ૨.૫ લાખથી વધુ ખેડૂતો જોડાશે

ગાંધીનગર, તા. ૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે આજે રાષ્ટ્રીય કક્ષાનો પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે સંવાદ કરીને સંબોધન કરશે તેમજ ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૦મો હપ્તો રિલીઝ કરશે.

જે અનુસંધાને ગાંધીનગર ખાતે પણ આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાશે. જ્યારે, કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને રાજકોટ ખાતે જિલ્લા કક્ષાનો સમારોહ યોજાશે. રાજ્ય અને જિલ્લા કક્ષાના સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખેડૂતોને લાઈવ ટેલીકાસ્ટના માધ્યમથી વર્ચ્યુઅલ સંબોધન કરશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે PM KISAN યોજનાના ૨૦માં હપ્તા



પેટે સમગ્ર દેશના ૯.૭ કરોડથી વધુ ખેડૂતોને ૨૦,૫૦૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જે પૈકી ગુજરાતના આશરે ૫૨.૧૬ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૧૧૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

રાજ્ય કક્ષાના સમારોહમાં મુખ્યમંત્રીના હસ્તે પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થીઓ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય વિતરણ તેમજ પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરવામાં આવશે.આ ઉપરાંત ગુજરાતના દરેક જિલ્લામાં પણ પીએમ કિસાન ઉત્સવ દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે, રાજ્યની ગ્રામ પંચાયતો અને ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. રાજ્યભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં રાજ્ય મંત્રી મંડળના સભ્ય, સાંસદ અને ધારાસભ્ય સહિતના પદાધિકારી-અધિકારીઓ ઉપરાંત આશરે ૨.૫ લાખથી વધુ ખેડૂતો ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ-કિસાન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ભારતના કુલ ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને અત્યાર સુધીમાં ૧૯ હપ્તાના માધ્યમથી કુલ રૂ. ૩.૬૯ લાખ કરોડની સહાય આપવામાં આવી છે. જે અન્વયે ગુજરાતના લાભાર્થી ખેડૂત પરિવારોને ૧૯ હપ્તાના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૯,૯૯૩ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે.

# કુલગામમાં સુરક્ષા દળોએ કર્યું એન્કાઉન્ટર

## જમ્મુ અને કાશ્મીર પોલીસ, સેના અને CRPFની સંયુક્ત ટીમ દ્વારા કાર્યવાહી શરૂ

રાજકોટ, તા. ૧

દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. જમ્મુ અને કાશ્મીર પોલીસ, સેના અને CRPFની સંયુક્ત ટીમ આ કામગીરી કરી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે એન્કાઉન્ટર ચાલુ છે અને વધુ માહિતી શેર કરવામાં આવશે. સુરક્ષા દળોને આ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી અંગે બાતમી મળી હતી. વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન, પોતાને ઘેરાયેલા જોઈને આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો. આ મુકાબલો બદલાની કાર્યવાહીથી શરૂ થયો. અધિકારીઓએ જણાવ્યું કે જિલ્લાના દેવસરના અખાલ વન વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે આ એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાંથી આતંકવાદનો ખાત્મો કરવા માટે સુરક્ષા દળો સતત કાર્યવાહી કરી



રહ્યા છે. તાજેતરમાં, સુરક્ષા દળોને આમાં મોટી સફળતા મળી હતી. ઓપરેશન મહાદેવ શરૂ કરીને, સુરક્ષા દળોએ પહેલગામ પર હુમલો કરનારા આતંકવાદીઓને ખતમ કરી દીધા હતા. આ કાર્યવાહીમાં ૩ આતંકવાદીઓ માર્યા ગયા હતા. પહેલગામ હુમલાનો માસ્ટરમાઈન્ડ હાશિમ મુસા પણ આમાં સામેલ હતો.

આ પછી સુરક્ષા દળોએ ઓપરેશન શિવશક્તિ શરૂ કર્યું. આમાં, પૂંછના દેગાવારમાં લશ્કર-એ-તૈયબાના બે આતંકવાદીઓ માર્યા ગયા. આ સાથે, સુરક્ષા દળોએ નાગરોટામાં આતંકવાદીઓના એક સહાયકને ત્રણ પિસ્તોલ સાથે પકડ્યો હતો. બુધવારે જમ્મુ ક્ષેત્રના પૂંછના દેવગર સેક્ટરમાં ઓપરેશન શિવશક્તિ ચલાવવામાં આવ્યું હતું. આમાં, ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા બે આતંકવાદીઓને સુરક્ષા દળોએ ઠાર માર્યા હતા. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી હથિયારો અને દારૂગોળો પણ મળી આવ્યો છે. તે જ સમયે, જો આપણે નાગરોટામાં સુરક્ષા દળોને મળેલી સફળતા વિશે વાત કરીએ, તો આતંકવાદીઓના એક સાથીને ત્રણ પિસ્તોલ સાથે વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેનું નામ અઝાન હમીદ ગાઝી છે, જે શ્રીનગરનો રહેવાસી છે. તે પોતાની કારમાં જમ્મુથી કાશ્મીર જઈ રહ્યો હતો. જ્યારે પોલીસે તેને નાગરોટા ચેકપોસ્ટ પર રોકીને તેની તલાશી લીધી, ત્યારે તેની પાસેથી ત્રણ તુર્કી અને ચાઈનીઝ બનાવટની પિસ્તોલ મળી આવી. તેણે આ હથિયારો ડ્રાઇવરની બાજુની સીટ નીચે છુપાવ્યા હતા.

# સર્વેશ્વર ચોક જન્માષ્ટમી પૂર્વે થશે ધમધમતો

## મનપાના પદાધિકારી-અધિકારીઓએ લીધી સ્થળ મુલાકાત : એજન્સીને ઝડપી કામ કરવા આદેશ





રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકા માટે હાલ કોઈ પ્રોજેક્ટ મહત્વતા ધરાવતો હોય તો તે સર્વેશ્વર ચોક ને જોડતા જે વોંકળાનું કામ ચાલી રહ્યું છે તે છે. હાલ બોક્સ કલ્વર્ટના પગલે ટ્રાફિકને ઘણી અડચણ પહોંચી રહી છે અને હાલ તે રસ્તો બંધ પણ કરી દેવામાં આવ્યો છે આ તમામ બાબતો ને ધ્યાને લઈ અને વિવિધ ફરિયાદોના આધારે મહાનગરપાલિકા દ્વારા આડકતરી રીતે એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે કે સર્વેશ્વર ચોક જન્માષ્ટમી પૂર્વે શરૂ થઈ જશે. જે અંગે તાબડતોબ મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ સ્થળે દોડી આવ્યા હતા અને કામગીરીની સમીક્ષા કરી હતી. મહત્વનું એ છે કે આ અંગે અગાઉ પણ ફરિયાદ થઈ હતી પરંતુ કોઈ કારણોસર કામગીરીમાં જે વેગ મળવો જોઈએ તે મળ્યો નથી.

હાલ સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે તહેવાર ની સિઝન શરૂ થઈ ચૂકી છે અને યાજ્ઞિક રોડ અને સર્વેશ્વર ચોક મહત્વપૂર્ણ માર્ગો છે કે જ્યાં ટ્રાફિક સૌથી વધુ જોવા મળતો હોય છે ત્યારે આ રોડને ઝડપભેર ખુલ્લો કરવા માટે મહાનગરપાલિકા દ્વારા જન્માષ્ટમી પૂર્વે રોડ શરૂ કરવા માટે જણાવવામાં આવ્યું છે અને એજન્સીને પણ ઝડપભેર કામ પૂર્ણ કરવા માટે આદેશ કર્યો છે.

રાજકોટ શહેરની મધ્યમાં આવેલા અને ટ્રાફિકથી ધમધમતા ડો.યાજ્ઞિક રોડના સર્વેશ્વર ચોકને જોડતા ભાગને નવા વોંકળાના કામ માટે બંધ કરાતા ટ્રાફિકથી માંડી ધંધાનો પ્રશ્ન સર્જાયેલો છે. બે વર્ષ પહેલા ગણેશ ઉત્સવ વખતે સર્જાયેલી દુર્ઘટના બાદ પૂરો વોંકળો નવો બનાવવા અને તેની દિશા પણ ફેરવવાનું કામ શરૂ કરાયું છે.

જે કામના ખર્ચમાં એક વખત વધારો થયા બાદ આગામી ગણેશ ઉત્સવ પહેલા એટલે કે માસના અંતે કામ પુરૂ કરવાની કરવાના છેલ્લા આયોજન વચ્ચે આજે અધિકારીઓની ટીમને લઈને મહાપાલિકાના ભાજપ પદાધિકારીઓ સર્વેશ્વર ચોક દોડી ગયા હતા. જ્યાં સ્થળ પર સમીક્ષા કર્યા બાદ યાજ્ઞિક રોડને ૧૫ ઓગષ્ટ પહેલા એટલે કે લોકમેળાના પ્રારંભ સાથે જ ખોલી દેવાની સૂચના શાસકોએ આપી છે.

તહેવારના દિવસો નજીક આવી ગયા છે અને ટ્રાફિકની દ્રષ્ટિએ ડો. યાજ્ઞિક રોડ ખુબ મહત્વનો છે. આથી આ રોડ વહેલાસર ખોલવા સુચનો થયા હતા. અધિકારીઓએ હજુ કામ પુરૂ થવામાં એક મહિનો થશે તેવું જાહેર કર્યુ હતું. પરંતુ આજે પદાધિકારીઓ સ્થળ પર ગયા બાદ

૧૫ ઓગષ્ટ સુધીમાં ડો.યાજ્ઞિક રોડ અને તે બાદ સર્વેશ્વર ચોક અગાઉની જેમ ખુલ્લો મુકાશે અને કામ પણ હવે વધુ ઝડપથી આગળ વધારાશે તેવું જાહેર કરાયું હતું. આ પ્રોજેકટનો ખર્ચ પોણા છ કરોડ જેવો થયો છે તે ઉલ્લેખનીય છે.

મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે સ્થળ પર કહ્યુ હતું કે, સર્વેશ્વર ચોકમાં ખુબ મજબુત કોંક્રીટ કામ કરવામાં આવ્યું છે. પુરો વોંકળો ડાયવર્ટ કરવામાં આવ્યો છે. સંપૂર્ણ સલામતી સાથે આ કામ કરવામાં આવ્યું છે.

યાજ્ઞિક રોડ પર પણ આ કામ હવે છેલ્લા તબકકામાં છે. એકંદરે પુરો પ્રોજેકટ ફિઝીકલ પ્રોગ્રેસની દ્રષ્ટિએ ૮૫ ટકા જેવો પુરો થયો છે. હવે જન્માષ્ટમી પહેલા વાહન વ્યવહાર માટે યાજ્ઞિક રોડ ખુલ્લો મુકવા જરૂર પડે તો દિવસ-રાત કામ ચાલુ રાખવા સૂચના અપાઇ છે. તહેવાર પર યાજ્ઞિક રોડ ધમધમતો થઇ જશે. આ માટે ૧૫ ઓગષ્ટની ડેડલાઇન અધિકારીઓ અને એજન્સીઓને આપી દેવામાં આવી છે.

સેન્ટ્રલ ઝોન હેઠળના વોર્ડ નં.૭માં સર્વેશ્વર ચોકથી ડો. યાજ્ઞિક રોડને જોડતો હયાત વોંકળો ડાયવર્ટ કરી, નવું બોકસ કલ્વર્ટ બનાવવાની કામગીરી ગતિમાં છે. આ કામની આજે પદાધિકારીઓ, ધારાસભ્ય તેમજ અધિકારીઓની ઉપસ્થિતિમાં સ્થળ મુલાકાત કરી, કામગીરીનો રીવ્યુ કરવામાં આવ્યો હતો.

# વોર્ડ નંબર ૧૪માં નંદઘરનું લોકાર્પણ

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે ૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલું આંગણવાડી કેન્દ્ર મુકાયુ ખુલ્લુ



રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૪માં આઈ.સી.ડી.એસ. વિભાગ(અર્બન)ના ઘટક નં.૩માં ૨૫ લાખના ખર્ચે આંગણવાડી કેન્દ્ર નંદઘરના બિલ્ડીંગનું લોકાર્પણ લક્ષ્મીવાડી શેરી નંબર ૭/૧૬ ના કોર્નર પર કરવામાં આવ્યું. આ લોકાર્પણ વિધાનસભા ૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલારાના હસ્તે કરવામાં આવ્યું હતું એટલું જ નહીં આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ લોકાર્પણ કાર્યક્રમમાં વિધાનસભા-૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ, ડો. માધવ દવે,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં આ વિસ્તારના રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ આંગણવાડીના કેમ્પસમાં ઉપસ્થિત પદાધિકારીઓ તથા મહાનુભાવોના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ આંગણવાડી કેન્દ્રમાં રૂમ, કિચન, ટોઇલેટ, સ્ટોર રૂમ, કમ્પાઉન્ડ વોલ, ફર્નિચર, વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે. આ આંગણવાડીનું લોકાર્પણ થવાથી લક્ષ્મીવાડી વિસ્તારના નાગરિકોને સુવિધાનો લાભ મળશે. વધુને વધુ બાળકો આંગણવાડીનો લાભ લઈએ તે હેતુસર આનંદગર બનાવવાનો નિર્ણય મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવ્યો હતો જે નંદગર હવે તૈયાર થઈ ગયું છે કારણ કે ઘણા ખરા વિસ્તારોમાં પરિવારોની આર્થિક સ્થિતિ સારી હોતી નથી અને બાળકો શિક્ષણથી વંચિત રહે છે ત્યારે પ્રાથમિક શિક્ષણ થી એક પણ બાળક હેરાન ન થાય તેને ધ્યાને લઈ આનંદ ઘરનું નિર્માણ કરવામાં આવ્યું.

## ગંદકી કરતા લોકો ઉપર પણ તવાઈ : ૨૦ હજારનો વસૂલાયો દંડ

# પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ૮૧ વેપારીઓ ઝપટે

રાજકોટ, તા. ૧

મહાનગરપાલિકાની સોલિડ્ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા સમગ્ર શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક નો ઉપયોગ કરતા વેપારીઓ પર તપાસ હાથ ધરવામાં આવતી હોય છે ત્યારે છેલ્લા બે દિવસથી ત્રણેય ઝોન માં પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવા માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અને જે પણ વેપારી આ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા હોય તો તેમની સામે દંડની જોગવાઈ પણ હાથ ધરવામાં આવી હતી. ગઈ બે દિવસથી ચાલતી આ તપાસમાં કુલ ૮૧ વેપારીઓ જપટે ચડયા હતા અને તેમની પાસેથી ૨૦,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

મહત્વની વાત તો એ છે કે આજે પણ આ વિભાગ દ્વારા જ્યારે પણ તપાસ હાથ ધરવામાં આવતી હોય ત્યારે તેના ઉપર આકરા પગલા લેવાય છે . પરંતુ પરિસ્થિતિ ફરી સામાન્ય થઈ જાય છે અને વેપારીઓ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક નો ઉપયોગ શરૂ કરી દેવામાં આવે છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આગામી દિવસોમાં નક્કર વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.





રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અન્વયે છેલ્લા ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં છેલ્લા ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૮૧ આસામીઓ પાસેથી ૨૦૧૫૦નો દંડ વસુલવામા આવ્યો હતો.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર , સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઇન્સ્પેકટર, સેનેટરી સબ ઇન્સ્પેકટર દ્વારા કરવામાં આવી હતી.

# વોર્ડ નંબર ૩ના વિવિધ ગાર્ડનોની મુલાકાતે DMC

## હાલ પ્રવર્તિત ગાર્ડનની કામગીરીનું કરાયું અવલોકન : અપાઈ જરૂરી સુચના

રાજકોટ , તા. ૧

રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશનર મનીષ ગુરવાની દ્વારા વોર્ડ નંબર ત્રણમાં આવેલા વિવિધ વિસ્તારો તથા રેસકોર્ષ ગાર્ડનની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન નાયબ મ્યુનિસિપલ કમિશનરે રેલનગરના પણ વિવિધ ગાર્ડનો નિહાળ્યા હતા અને જરૂરી મરામત માટેના આદેશો પણ કરવામાં આવ્યા.

મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર વોર્ડ નંબર ત્રણમાં આવેલા રેલનગર વિસ્તારમાં નાથદ્વારા સોસાયટી પાસે ડેવલપ કરાતા ગાર્ડનની પણ મુલાકાત લીધી હતી એટલું જ નહીં હમીરસિંહ ચોક પાસે ડેવલોપ થતા ફિઝિકલ ફિટનેસ ઝોન તથા ચિલ્ડ્રન પાર્ક ની પણ મુલાકાત લઈ વિશેષ આદેશો આપ્યા હતા. તો રેસકોર્સ ખાતે મહિલા ગાર્ડન, ચિલ્ડ્રન પાર્ક, એનર્જી પાર્ક તથા પેવિલિયન પાસેના ગાર્ડનની પણ મુલાકાત લીધી હતી.







વોર્ડ નંબર-૩, રેલનગર રોડ, નાથદ્વારા સોસાયટી પાસે ડેવલપ કરાતા ગાર્ડનની મુલાકાત લઈ બાંધકામ શાખાને લગત કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી. વોર્ડ નંબર-૩, રેલનગર રોડ, હમીરસિંહજી ચોક પાસેનો ડેવલપ કરાતો ફીઝીકલ ફીટનેશ ઝોન તથા ચિલ્ડ્રન પાર્કમાં સાધનો કાર્યરત થાય તે મુજબ સુચના આપવામાં આવેલ તથા તેની આજુબાજુની સફાઈ સો.વે.મે. વિભાગ સાથે લાયેઝન કરી સત્વરે કરવા સુચના આપવામાં આવી.

વોર્ડ નંબર-૩, રેસકોર્ષ ખાતે ચિલ્ડ્રન પાર્ક તથા એનર્જી પાર્કને રીનોવેશન/અપગ્રેડ કરવા માટે આયોજન હાથ ધરવા સુચના આપવામાં આવી. વોર્ડ નંબર-૩, પેવેલીયન પાસેના ગાર્ડનમાં ફાઉન્ટેન તથા ટોયલેટ બ્લોકની કામગીરી કરવા સુચના આપવામાં આવી. આ મુલાકાત દરમિયાન સંબંધિત વિભાગના અધિકારી પણ જોડાયા હતા અને પડતી અડચણો અને મુશ્કેલીઓ અંગે પણ ચર્ચા કરી માર્ગદર્શન મેળવ્યું હતું.

# સૌરાષ્ટ્ર કચ્છના ઉદ્યોગકારો માટે એક્ઝિમ કોંકલેવનું આયોજન

## વૈશ્વિક સ્તર પર નિકાસ વધારવા ઉદ્યોગકારોને કરાશે માહિતગાર : ગુજરાતના ઈન્ડસ્ટ્રી કમિશનર પી સ્વરૂપ રહેશે હાજર

રાજકોટ, તા. ૧

રાજકોટ અને સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો વધુને વધુ નિકાસ કરી શકે અને આયાત નિકાસમાં સૌરાષ્ટ્રનું વર્ચસ્વ વૈશ્વિક ફલક ઉપર જોવા મળે તે હેતુસર રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન દ્વારા ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે જેનું નામ એકઝીમ કોંકલેવ રખાયું છે.

એક્સપોર્ટ-ઈમ્પોર્ટ વૃધ્ધિને વેગ આપવા GoG-AMA સેન્ટર ફોર ઈન્ટરનેશનલ ટ્રેડ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન અને રાજકોટ મેનેજમેન્ટ એસોસિએશનના સહયોગથી આજ સવારથી થી બપોર સુધી રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન, રાજકોટના ઓડિટોરિયમ ખાતે એક્ઝિમ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કોંકલેવમાં રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ નરેન્દ્ર પાચાણી, મુખ્ય અતિથિ તરીકે ઈન્ડસ્ટ્રી કમિશનર ગુજરાત પી સ્વરૂપ, ધારાસભ્ય રમેશ ટીલારા, તથા આ કોંકલેવના મુખ્ય વક્તા તુષાર સુમેરા ખાસ ઉપસ્થિત રહેશે. આ કોંકલેવમાં સહભાગી થવા સૌરાષ્ટ્ર કચ્છના ટોચના ઉદ્યોગકારો પણ જોડાશે.

રિપલ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર, ફિઓટેક્સ કોટસ્પિન પ્રા. લિ. પાર્થ ગણાત્રા, વાઈસ પ્રેસિડેન્ટ, મેસર્સ જેસન્સ એક્સપોર્ટ્સ; અને જયેન કોટેચા, પ્રમુખ, રાજકોટ મેનેજમેન્ટ એસોસિએશન ''રાજકોટ એક્ઝિમમાં વૈવિધ્યકરણઃ ટેક્સટાઇલ, એન્જિનિયરિંગ અને કાસ્ટિંગ્સને કૃષિ અને હસ્તકલાથી આગળ વધારવા'' વિષય પર પેનલ ચર્ચાને સંબોધિત કરશે; અને જનક પરફ્યુમરના ચીફ ઓપરેટિંગ ઓફિસર,આલપ ડાંગર ચર્ચાનું સંચાલન કરશે. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ઉન્મેશ દીક્ષિત સમાપન અને આભાર દર્શન રજૂ કરશે.

મહત્વની વાત તો એ છે કે સૌરાષ્ટ્ર કચ્છમાં ઘણી ખરી ક્ષમતા રહેલી છે પરંતુ તેને ઉજાગર કરવા માટે જે યોગ્ય સાથ અને સહકાર મળવો જોઈએ અને જે જાગૃતતા હોવી જોઈએ તે વેપારીઓ અને ઉદ્યોગકારોમાં જોવા મળતી નથી અને પરિણામ સ્વરૂપે જ તેઓને નિકાસ કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈને જ હાલ રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન દ્વારા આ ખાસ ઈવેન્ટ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગાંધીનગરથી પણ ટોચના અધિકારીઓ સહભાગી થશે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# વૈશ્વિક ગુંડાગીરી

## ટ્રમ્પના મગજમાં સવાર થયેલું ભૂત ઉતારવું જરૂરી




દરેક દેશો સ્વતંત્ર છે. ગ્લોબલ વિલેજના યુગમાં દરેક દેશને એક બીજાની જરૂરિયાત છે. આ કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ફૂલ્યો-ફાલ્યો છે. દરેક દેશો જરૂરિયાત પ્રમાણે અને રાષ્ટ્રના હિતમાં આયાત-નિકાસ કરતા હોય છે. આ માહોલમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુંડાગીરીથી વ્યાપાર કરવાની નીતિ ઘડી હોય તેમ લાગે છે.

અમેરિકાની હા-જી-હા ન કરનાર ૯૪ દેશો પર તોતિંગ ટેરિફની ઘોષણા ટ્રમ્પે કરી છે. ટેરિફ લગાવવા ઉપરાંત ટ્રમ્પ આડેધડ પ્રમાણપત્રો આપે છે. ભારત-રશિયાના અર્થતંત્રને ડૂબતી ગણાવી દીધી છે. આશ્ચર્ય એ છે કે, ટ્રમ્પના આ વલણને કોંગ્રેસે ખુલ્લુ સમર્થન આપ્યું છે.

વ્યાપાર સમજદારીથી અને તંદુરસ્ત માહોલમાં થાય. ટ્રમ્પ વ્યાપારની શરતો રાખે છે. ભારત રશિયા સાથે સંબંધો રાખે તેથી ટ્રમ્પ નારાજ થઇને ટેરિફ ઝીંકે છે. આને ગુંડાગીરી જ ગણી શકાય.

અમેરિકા મહાસત્તા છે, તેના રાષ્ટ્રપતિ શક્તિશાળી ગણાય, પરંતુ વિશ્વભરમાં અમેરિકાની દાદાગીરીના દિવસો પૂરા થઇ ગયા છે. મોદી સરકારે ટ્રમ્પ સરકાર સામે મક્કમ વલણ રાખ્યું છે. જો કે, ટ્રમ્પે પણ ટેરિફનો અમલ સાત દિવસ પાછો ઠેલ્યો છે.

એક સમયે અમેરિકા સામે ભારત ઝૂકી જતું હતું. હવે ભારત મજબૂત છે. ભારતનું અર્થતંત્ર પણ અમેરિકા કરતા વધારે ગતિએ વિકસે છે. ભારતે અમેરિકાની દાદાગીરી સહન કરવાની જરૂર નથી.

ટેરિફ વોરથી અમેરિકાના અર્થતંત્રને પણ આડ અસર થઇ છે. ટ્રમ્પ પર અહમનું ભૂત સવાર થયું છે. આ ભૂત ઉતારવું જરૂરી છે. અનેક દેશો ટ્રમ્પની નીતિથી ત્રાહીમામ અને નારાજ છે. ટ્રમ્પનું ભૂત ઉતારવા ભારતે નેતૃત્વ કરીને નારાજ દેશોને સંગઠિત કરવા જોઇએ.

ભારતે ખુલ્લેઆમ મેદાનમાં આવવાનો મોકો છે. મોદી સરકારની વિદેશ નીતિ ટનાટન છે. ટ્રમ્પ સામે ધૈર્ય અને તાકાતથી જ કામ લેવાઇ રહ્યું છે. મોદી સરકારને રાજકીયરૂપે પરેશાન કરવા ટ્રમ્પે અનેક ગતકડાં ચલાવ્યા છે. ભારત-પાક. વચ્ચે યુદ્ધ વિરામ કરાવ્યાના ગોગા ફૂટે છે. આ મામલે પણ કોંગ્રેસ ટ્રમ્પને ખુલ્લુ સમર્થન કરીને મોદી સરકાર સામે સવાલો સર્જે છે. જો કે ટ્રમ્પના કારણે મોદી સરકારની આભાને આડ અસર થઇ હોય તેમ લાગતું નથી.

મુખ્ય બાબત ટ્રમ્પને સ્પષ્ટ સંદેશ આપવો જોઇએ કે, ગુંડાગીરીથી વ્યાપાર શક્ય નથી. ભારતને અમેરિકાની જેટલી જરૂર છે, તેટલી જ જરૂર અમેરિકાને ભારતની છે. ગરજ, આજીજી કે ગુંડાગીરીથી વ્યાપાર શક્ય ન બને. આ મામલો રાષ્ટ્રાભિમાનનો છે. ભારતના નાગરિકોએ નુકસાન થતું હોય તો પણ સરકારને ટેકો આપવો જોઇએ. ટ્રમ્પ જેવાને ભાન કરાવવું અનિવાર્ય છે.




# ઉપરાષ્ટ્રપતિ પદની પેટાચૂંટણી ૯ સપ્ટેમ્બરના

## જગદીપ ધનખડે સ્વાસ્થ્યના કારણોસર સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસે ૨૧ જુલાઈના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું

નવીદિલ્હી, તા. ૧

ચૂંટણી પંચે શુક્રવારે ઉપરાષ્ટ્રપતિ પદની પેટાચૂંટણીની તારીખોની જાહેરાત કરી. પેટાચૂંટણીઓ ૯ સપ્ટેમ્બરના રોજ યોજાશે. આ દિવસે મતદાન થશે. નામાંકન માટેની છેલ્લી તારીખ ૨૧ ઓગસ્ટ છે. ઉપરાંત, મતગણતરી ૯ સપ્ટેમ્બરે થશે. ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ૨૧ જુલાઈના રોજ પદ પરથી રાજીનામું આપ્યું હતું. ધનખરે રાજીનામું આપવા માટે સ્વાસ્થ્ય કારણોનો ઉલ્લેખ કર્યો હતો. સ્વાસ્થ્યના કારણોસર તેમણે રાષ્ટ્રપતિને રાજીનામું સુપરત કર્યું. હવે તેમના રાજીનામા પછી જ પેટાચૂંટણીઓ યોજાઈ રહી છે. ઉપરાષ્ટ્રપતિ કાર્યાલયની વેબસાઇટ અનુસાર, ઉપરાષ્ટ્રપતિની પસંદગી માટે એક ચૂંટણી મંડળ હોય છે. આ એ લોકો છે જે મતદાન કરે છે. આ ચૂંટણી પ્રમાણસર પ્રતિનિધિત્વ પ્રણાલી હેઠળ થાય છે. ઉપરાષ્ટ્રપતિ પદ માટે વ્યક્તિને ચૂંટતી ચૂંટણી મંડળમાં સંસદના બંને ગૃહોના તમામ સભ્યોનો સમાવેશ થાય છે.




જગદીપ ધનખડે સ્વાસ્થ્યના કારણોસર સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસે ૨૧ જુલાઈના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. ધનખરના રાજીનામાથી રાજકીય ઉથલપાથલ મચી ગઈ. વિપક્ષી નેતાઓએ તેમના અચાનક રાજીનામા અંગે અટકળોને વેગ આપ્યો હતો. કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ ઉપાધ્યક્ષ જગદીપ ધનખરના રાજીનામા બાદ ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે પાર્ટીનો ''બંધારણીય પદો અને પ્રક્રિયાઓ બંનેને નબળી પાડવાનો'' રેકોર્ડ છે. સુરજેવાલાએ કહ્યું હતું કે ધનખરના ''અચાનક અને રહસ્યમય'' રાજીનામાથી ઘણા પ્રશ્નોના જવાબ મળ્યા નથી. શિવસેના (UBT) ના સાંસદ સંજય રાઉતે પણ ધનખરના રાજીનામા પર શંકા વ્યક્ત કરી અને ''પડદા પાછળ'' રાજકારણનો આરોપ લગાવ્યો.

જો એક કરતાં વધુ ઉમેદવારોને નામાંકિત કરવામાં આવે તો ચૂંટણી યોજવી પડશે અને આવી સ્થિતિમાં ૯ સપ્ટેમ્બરે મતદાન થશે. મતદાન ૯ સપ્ટેમ્બરે સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી થશે. મતગણતરી એ જ દિવસે થશે અને સાંજ સુધીમાં પરિણામો જાહેર થઈ જશે. ૨૧ જુલાઈની સાંજે જગદીપ ધનખડે અચાનક પદ પરથી રાજીનામું આપી દીધું. તેમણે પોતે પોતાના એક્સ એકાઉન્ટ પર પત્ર શેર કરીને આ માહિતી આપી હતી. આ પહેલા તેઓ રાષ્ટ્રપતિ ભવન ગયા અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પોતાનું રાજીનામું સુપરત કર્યું.

જગદીપ ધનખરના રાજીનામા અંગેની અટકળો હજુ પણ ચાલી રહી છે. ભલે તેમણે રાજીનામામાં બગડતી તબિયતનો ઉલ્લેખ કર્યો હોય, પણ વિપક્ષ સતત અનુમાન લગાવી રહ્યું છે કે તેમણે અચાનક પદ કેમ છોડી દીધું. સરકાર સાથેના તેમના બગડતા સંબંધો અંગે ઘણા અપ્રમાણિત દાવાઓ થયા છે, પરંતુ સરકાર કે જગદીપ ધનખડ દ્વારા સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. નોંધનીય છે કે જગદીપ ધનખડે ખેડૂતોના મુદ્દા પર તીક્ષ્ણ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત, છેલ્લા કેટલાક મહિનામાં વિપક્ષ સાથેના તેમના સંબંધો ગાઢ બનવાની ચર્ચાઓ થઈ રહી છે.

# શ્રીનગરમાં BSF જવાન ગુમ

## BSF જવાન ૩૧ જુલાઈના રોજ મોડી રાત્રે બટાલિયન હેડક્વાર્ટરમાંથી ગુમ થયો હતો : સૈનિકનું નામ સુગમ ચૌધરી હોવાનું કહેવાય છે

નવીદિલ્હી, તા. ૧

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં તૈનાત એક BSF જવાન ગુરુવારે ગુમ થઈ ગયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, BSF જવાન ૩૧ જુલાઈના રોજ મોડી રાત્રે બટાલિયન હેડક્વાર્ટરમાંથી ગુમ થયો હતો. સૈનિકનું નામ સુગમ ચૌધરી હોવાનું કહેવાય છે. પાંથાચોક સ્થિત ૬૦મી બટાલિયનના સભ્ય સુગમ ચૌધરીને શોધવા માટે મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. આસપાસના વિસ્તારોમાં વ્યાપક પ્રયાસો છતાં, શુક્રવાર સુધી સૈનિકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ગુમ થયાનો રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલુ છે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે સૈનિકના ગુમ થવામાં કોઈ રાષ્ટ્ર વિરોધી કોણ નથી. ૬૦મી બટાલિયનનો એક સૈનિક કોઈ અંગત કારણોસર પોતાના ઘરે ભાગી ગયો હશે. જોકે, પંથાચોક ખાતે તૈનાત ૬૦મી બટાલિયનના સભ્યો, BSF જવાનો ઉત્તર પ્રદેશના રહેવાસી છે. હજુ સુધી તેનો કોઈ પત્તો લાગ્યો નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રક્રિયા મુજબ, ગુમ વ્યક્તિનો રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલુ છે. બીજી બાજુ, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સૈનિક તેના ઘરે ગયો હશે. આ કારણે, સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે તેમણે તેમના પરિવાર સાથે વાત



કરી છે અને અમને આશા છે કે જ્યારે તેઓ ઘરે પહોંચશે ત્યારે તેમનો પરિવાર અમને જાણ કરશે.

જમ્મુ અને કાશ્મીરના વિવિધ ભાગોમાં સુરક્ષા દળો દ્વારા આતંકવાદ વિરોધી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, ખાસ કરીને ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી. તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરમાં ઓપરેશન મહાદેવ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. સુરક્ષા દળોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૦૦ દિવસમાં પહેલગામ હુમલાના માસ્ટરમાઇન્ડ સહિત ૧૨ આતંકવાદીઓ માર્યા ગયા છે. માર્યા ગયેલા આતંકવાદીઓમાંથી ૬ પાકિસ્તાની આતંકવાદીઓ તરીકે ઓળખાયા છે, જ્યારે બાકીના ૬ સ્થાનિક રીતે ભરતી કરાયેલા આતંકવાદી હતા જેઓ તાજેતરના આતંકવાદી હુમલાઓમાં સામેલ હતા.

તમને જણાવી દઈએ કે આ પહેલીવાર નથી જ્યારે BSFનો કોઈ જવાબ આ રીતે ગુમ થયો હોય. ડિસેમ્બર ૨૦૨૩ માં, BSF જવાન ગુમ થયો હતો. ફરજ પર પાછા ફરતી વખતે તે ગુમ થઈ ગયો. આ ઉપરાંત, મે ૨૦૨૪ માં, જમ્મુમાં BSF ના એક ASIના ગુમ થવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ ઘટનાઓએ માનસિક સ્વાસ્થ્ય, સુરક્ષા પ્રોટોકોલ અને સુરક્ષા દળો માટે દેખરેખ પદ્ધતિઓ પર પ્રશ્નો ઉભા કર્યા છે. આ ઘટના બાદ, યુનિટે સ્થાનિક પોલીસ સ્ટેશન પંથાચોકમાં સૈનિકના ગુમ થવાની ફરિયાદ નોંધાવી છે. પોલીસ અને બીએસએફ સંયુક્ત રીતે આ મામલાની તપાસ કરી રહ્યા છે અને સૈનિકને શોધવા માટે તમામ શક્ય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. BSF એ જણાવ્યું હતું કે BSFની ૬૦મી બટાલિયનના સૈનિક સુગમ ચૌધરી ૩૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ મોડી રાત્રે બટાલિયન હેડક્વાર્ટર પંથાચોકમાંથી ગુમ થયા હતા. શોધખોળ કામગીરી છતાં, કોઈ સુરાગ મળ્યો નથી.

# બેંક છેતરપિંડીમાં ઉદિત ખુલ્લર ઝબ્બે

## ૪॥ કરોડના ફ્રોડ કેસમાં CBIને સફળતા : અબુધાબી નેશનલ સેન્ટ્રલ બ્યુરોની લેવાઈ મદદ

નવીદિલ્હી, તા. ૧

૪.૫૫ કરોડ રૂપિયાના બેંક છેતરપિંડીના કેસમાં ફરાર આરોપી ઉદિત ખુલ્લરને સંયુક્ત આરબ અમીરાતથી પરત લાવવામાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ મોટી સફળતા મેળવી છે. ઉદિત ખુલ્લરને ૦૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ દુબઈથી દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લાવવામાં આવ્યો હતો. CBIએ અબુ ધાબી સ્થિત નેશનલ સેન્ટ્રલ બ્યુરો એટલે કે ગઈઈ ની મદદથી ઈન્ટરપોલ દ્વારા આ કાર્યવાહી પૂર્ણ કરી. આ કામગીરીમાં ઈન્ટરનેશનલ પોલીસ કોઓપરેશન યુનિટ (IPCU) અને CBIની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ હતી.

ઉદિત ખુલ્લર વિરુદ્ધ દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલમાં કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસ અડાજણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો હતો. તેના પર તેના સહયોગીઓ સાથે મળીને બનાવટી અને છેતરપિંડી દ્વારા બેંકમાંથી નકલી હોમ લોન મેળવવાનો આરોપ છે. તપાસમાં જાણવા મળ્યું છે કે ઉદિત ખુલ્લરે ૩ અલગ અલગ હોમ લોન માટે બેંકમાં નકલી દસ્તાવેજો રજૂ કર્યા હતા. તેમણે બેંકને જે મિલકતોના કાગળો આપ્યા હતા તે ખરેખર તેમની ન હતી. આ ષડયંત્રમાં બીજા ઘણા લોકો પણ સામેલ હતા. આ નકલી દસ્તાવેજોના આધારે



સરકારી અને ખાનગી બેંકો પાસેથી કુલ ૪.૫૫ કરોડ રૂપિયાની લોન લેવામાં આવી હતી.

સીબીઆઈ દ્વારા કડક દેખરેખ અને ઈન્ટરપોલ ચેનલો દ્વારા સતત ફોલો-અપ પછી, ઉદિત ખુલ્લરનું સ્થાન યુએઈમાં શોધી કાઢવામાં આવ્યું. ત્યાં તેમની ધરપકડ કરવામાં આવી અને પછી સીબીઆઈની વિનંતી પર, યુએઈ વહીવટીતંત્રે તેમને ભારત મોકલી દીધા. ભારતમાં ઈન્ટરપોલ માટે નોડલ એજન્સી સીબીઆઈએ આ પ્રક્રિયા સફળતાપૂર્વક પાર પાડી. આ કામગીરી ભારતપોલ નેટવર્ક ઓફ ઈન્ડિયા દ્વારા તમામ એજન્સીઓના સહયોગથી પૂર્ણ કરવામાં આવી હતી. સીબીઆઈના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક વર્ષોમાં ઈન્ટરપોલ દ્વારા ૧૦૦ થી વધુ વોન્ટેડ ગુનેગારોને ભારત પાછા લાવવામાં આવ્યા છે. ઉદિત ખુલ્લરનું વાપસી આ ઝુંબેશનો એક ભાગ છે અને તેને દેશના કાયદો અને વ્યવસ્થા માટે એક મોટી સફળતા માનવામાં આવી રહી છે.

સીબીઆઈએ યુએઈ સરકારને ઈન્ટરપોલ દ્વારા ઉદિત ખુલ્લરની ધરપકડ કરવા માટે સત્તાવાર રીતે વિનંતી કરી હતી. ઈન્ટરપોલની મદદથી સ્થાન શોધી કાઢવા માટે, યુએઈ એજન્સીઓ સાથે મળીને સતત કામ કર્યું. સીબીઆઈ ભારતમાં ઈન્ટરપોલના નેશનલ સેન્ટ્રલ બ્યુરો (NCB) તરીકે કાર્ય કરે છે અને આવા ઘણા ભાગેડુઓને પકડવા માટે વિવિધ દેશોની એજન્સીઓ સાથે સહયોગમાં કામ કરે છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના જણાવ્યા અનુસાર, ઉદિત ખુલ્લરે તેના કેટલાક ભાગીદારો સાથે મળીને બેંકો સાથે છેતરપિંડી કરવાની યોજના બનાવી હતી. તેણે નેશનલ લાઇટ્સ અને ટેલિકોમ સેક્ટર બેંકો પાસેથી ૩ નકલી હોમ લોન લીધી હતી. આરોપીઓએ આ લોન માટે નકલી મિલકતના દસ્તાવેજો રજૂ કર્યા હતા. તેણે બેંકોને ગેરમાર્ગે દોરવા માટે જાણી જોઈને આ કર્યું. જેના કારણે બેંકોને કરોડોનું નુકસાન થયું.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શ્રાવણી અભિષેક

## શિવલિંગ એ શિવનું નિરાકાર સ્વરૂપ છે, અને શિવ પુરાણમાં એનાં પાંચ પ્રકાર બતાવ્યાં છે



હે દેવોના દેવ મહાદેવ.
સૌનાં હૃદયમાં કરુણા સ્વરૂપે રહેલા આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શિવ પુરાણ અંતર્ગતના અગાઉના લેખમાં સકલ સ્વરૂપ એટલે કે શિવનું સાકાર સ્વરૂપ અને નિષ્કલ સ્વરૂપ એટલે કે શિવનું નિરાકાર સ્વરૂપ. શિવના શુદ્ધ સ્વરૂપને આત્મસાત કરવા આપણે પણ એ શિવત્વને સુક્ષ્મત્તર થઈ સમજીએ.

શિવનું સાકાર સ્વરૂપ : કૈલાસનાં શિખરે મૃગ ચર્મ પર ભગવાન અજન્મા આશુતોષ બિરાજમાન છે. તેનાં હાથે અને કટીભાગ પર સર્પનાં આભૂષણ છે, ઉપરાંત કંઠમાં ભુજંગ અને મૂંડ માળ છે. માથા પર જાટા છે, એમાંથી નિર્મળ ગંગા વહે છે. ભાલમાં બીજનો ચંદ્રમા ચમકે છે, આખા શરીરે ભભૂત ચોળી છે. કંઠમાં સમુદ્રમંથન સમયે નીકળેલું હળાહળ વિષ રાખ્યું હોવાથી, કંઠ નીલકંઠ છે, નંદીનું વાહન છે. ગણેશ કાર્તિક અને માતા જગદંબા તેની સાથે બિરાજમાન છે, શૃંગી અને ભૃંગી નામના શિવ ગણો કૈલાશમાં તેમની સેવા માટે ઉપસ્થિત છે. સંસારી હોવા છતાં પણ તે પૂર્ણ સંન્યાસી છે, અને સમાધિ તેને હાજરાહજૂર છે. આ ભગવાન શિવશંકરનું સાકાર સ્વરૂપ છે, અને આપણે સૌ કોઈ તેને વિશે જાણીએ છીએ. શંકરનું નામ પડે અને આ શબ્દ ચિત્ર મુજબનું ચિત્ર લગભગ દરેકને દેખાય. કપૂર જેવો ગૌરવાન છે, અને ત્રિનેત્ર ધરાવે છે, આ પણ તેની એક અનોખી વિશિષ્ટતા છે. ભાલે ચંદનનું ત્રિપુન્ડ છે, અને એ જ ભાલમાં ત્રીજી આંખ એટલે કે સંહારમા પણ કલ્યાણકારી દ્રષ્ટિ સમાયેલી છે. એ દ્રષ્ટિ ને શીતળ કરવા હંમેશા ત્યાં આગળ ચંદનનો જાણે લેપ થતો હોય એવું પણ કહી શકાય. તો આ થયું શિવશંકરનું સાકાર સ્વરૂપ.

શિવનું નિરાકાર સ્વરૂપ : શિવલીંગને આપણે સૌ શિવશંકરનાં પ્રતિક રૂપે ભજીએ છીએ, પરંતુ એ જ ભગવાન શંકરનું નિરાકાર સ્વરૂપ છે. શીવલીંગ એ નિરાકાર કઈ રીતે? એમ આપણને પ્રશ્ન થાય. ભગવાન જગતગુરુ માધવાચાર્યએ નિર્ગુણનો અર્થ કર્યો હતો કે, નીંદિત ગુણો રહિત હોય તેને નિર્ગુણ કહેવામાં આવે છે. બસ એ જ રીતે આપણે પણ નિરાકાર એટલે નિશ્ચિત આકાર નહીં, તેવાં આકારને નિરાકાર એમ કહી શકીએ. કારણ કે શિવલિંગ એકસરખી ઊંચાઈ, જાડાઈ, પહોળાઈ, કે ઊંડાઈનું હોતું નથી. દરેક શિવલિંગમાં કોઈને કોઈ તફાવત રહે છે, આ ઉપરાંત પથ્થર, સ્ફટિક, કે વેણુ, એ રીતે પણ તફાવત હોય છે.તો કાળો, સફેદ, કે લાલ પથ્થર, એ રીતે પણ તફાવત હોય છે. આ ઉપરાંત સ્વયંભૂ, જ્યોતિર્લિંગ, અને પ્રતિષ્ઠિત, એ તફાવત તો આપણે સૌ જાણીએ જ છીએ, એટલે નિરાકાર બ્રાહ્મની વ્યાખ્યામાં શિવલિંગ બિલકુલ બંધ બેસે છે. ન સ્થળ નિશ્ચિત છે, ન સંખ્યા નિશ્ચિત છે, ન આકાર નિશ્ચિત છે, અને ન આધાર નિશ્ચિત છે. એટલે કે જમીન પર જ હોય એવું બિલકુલ જરૂરી નથી, સમુદ્ર વચ્ચેથી પણ શિવલિંગ મળ્યાનાં દાખલા છે. નદી તળાવ વગેરે જગ્યાએ શિવલિંગ મળ્યાનાં ઘણા કિસ્સા છે, અને વન, આરણ્ય, કે જંગલમાં પણ શિવલિંગ છે, પર્વતોની ટોચ પર પણ શિવલિંગ બિરાજમાન છે. આ ઉપરાંત શીવલીંગને આપણે જે કંઈ ચડાવીએ છીએ તેમાંનું કંઈ જ તે રાખતા નથી, એટલે કે એક લીટર દૂધનો અભિષેક કર્યો હોય તો એ બધું જ એના આકાર પરથી નીચે વહી જાય છે, પાણી હોય તો એ, દૂધ હોય, દહીં હોય, કે તલ બિલિપત્ર,કે અન્ય જે સાધન હોય એનાથી એને તસુભાર પણ ફરક પડતો નથી,આ પણ નિરાકારનો ગુણ છે, કે તેને ત્રિગુણ માંથી કોઈ ગુણ આકર્ષી શકતો નથી. આમ દરેકે દરેક શિવલિંગમાં કોઈને કોઈ તફાવત છે, પછી તે આકાર નો હોય, પથ્થર ન હોય, કે લંબાઈ પહોળાઈ જાડાઈ નો હોય, પણ છે,છે અને છે જ! અને તેની પર ચડતું દ્રવ્ય હોય કે કીમતી હીરા કે સુવર્ણ અલંકાર રુપી ભેટ હોય! અને એટલે જ નિરાકાર બ્રહ્મ તરીકે શીવલીંગની ઉપાસના કરવામાં આવે છે, અને નિશ્ચિત પરિણામને મેળવી શકાય છે. સદગુરુ એ નિરાકાર બ્રહ્મ વિશે સમજ આપી આપણને કૃતકૃત્ય કર્યા છે,અને શ્રાવણ હાજરાહજૂર છે, તો નિરાકાર બ્રહ્મે આ રીતે ભજીએ.

શિવલિંગ.લિંગનાં મુખ્ય પાંચ પ્રકાર બતાવાયા છે. સ્વયંભૂ લિંગ, બિંદુ લિંગ, સ્થાપિત લીંગ, ચર લિંગ, અને ગુરુ લીંગ. આ ઉપરાંત પણ આપણે ત્યાં પૂજામાં ઘણા બધા પ્રકારના લિંગ બનાવી અને તેની પૂજન કરવામાં આવે છે પણ તે બધા જ સ્થાપિત લિંગ માં આવે.

સ્વયંભૂ લિંગ : કોઈપણ જગ્યાએ એટલે કે જંગલમાં હોય કે ગામના કે પછી અન્ય કોઇ જગ્યાએ, કોઈ પણ ની તપશ્ચર્યા કે તેનાથી પ્રસન્ન થઈ, અને પૃથ્વીને ફાડી ને જે બહાર આવે છે તે સ્વયંભૂ શિવલિંગ. પહેલાના કાળમાં ઋષિમુનિઓ કે બ્રાહ્મણો તપ કરતા અને શંકર પ્રસન્ન થાય, ત્યારે આ રીતે સ્વયંભૂ શિવલિંગ આપણને પ્રાપ્ત થતા. ઘણી જગ્યાએ આપણે એવા શિવલિંગ પણ જોયા છે જ્યાં આગળ કોઈ પશુ એટલે કે ગાય દ્વારા પોતાના આંચળમાંથી દૂધનો અભિષેક થયો હોય, અને ત્યાં શિવલિંગ પાછળથી પ્રકાશમાં આવ્યું હોય. ઘણા સ્વયંભૂ શિવલિંગ ગોવાળો એ પણ શોધ્યા છે.

બિન્દુ લીંગ : પત્રમાં કે પાંદડા માં લિંગ ની પરિકલ્પના કરી અને બ્રાહ્મણો પૂજન અર્ચન કરાવે તેને બિંદુ લિંગ કહેવામાં આવે છે. અને આપણે ત્યાં પૂજાની આવી રીતે પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે કે જ્યાં આપણી પાસે લિંગ હોતું નથી. છતાં પણ તેની પરિકલ્પના કરી અને આપણે પૂજા કરતા હોઈએ છીએ. ખાસ કરીને કુવારીકાઓ અને પરિણીત સ્ત્રીઓ કોઈ વ્રત કરતી હોય ત્યારે, આ લીંગ ની પરિકલ્પના કરી અને બ્રાહ્મણ સંકલ્પ કરાવે છે.

સ્થાપિત લીંગ : રાજા-મહારાજાઓ કે પછી ધનવાન પોતાના મનોરથ થી મંદિર માટે કારીગરો પાસે જે લિંગ બનાવરાવે છે. આપણે ત્યાં રાજા મહારાજાઓ ના મહેલો માં રત્નજડિત અને સુવર્ણ લિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરી અને પૂજન-અર્ચન કરવામાં આવતું કેટકેટલા રાજાઓ આ પ્રકારે શિવ ભક્તિ કરી અને પોતાના રાજ્યની યશ કીર્તિ વધારતા હતા તે આપણે ઈતિહાસમાંથી જાણી શકીએ છીએ.

ચર લીંગ : ચર નું અર્થ ચલિત થાય છે, શરીરના, કોઈ અંગ નાભિ નાકનું ટેરવું કે શિખા વગેરે પર, આત્મ રુપ પર ઘણી વાર લીંગ જેવો દેખાવ બને છે તે અથવા, કોઈ કુદરતી પદાર્થ માંથી લિંગ જેવો આભાસ ઉત્પન્ન થાય તેને ચર લિંગ કહેવામાં આવે છે.

ગુરુ લીંગ : ગુરુ નો વ્યાપક અર્થ અહીં લેવામાં આવ્યો છે કે.જે સર્વનું હિત કરનાર છે તે જ્યારે કોઈ મંત્ર સાથે ગુણોના વિકાર દૂર કરવા માટે જે લિંગ ની પૂજન અર્ચન કરવાનું કહેવામાં આવે તેને ગુરુ લિંગ કહેવામાં આવે છે.

શિવલિંગ ગમે તે પ્રકારનું હોય પણ મૂળમાં, અંતરમાં કલ્યાણ એટલે કે માનવતા ની ભાવના ઉતરોત્તર વધતી રહે તે બહુ જરૂરી છે, અને આપણે બધા જ આ માનવતા ની ભાવના વધતી રહે, તેવી રીતે આ શ્રાવણિય અનુષ્ઠાનમાં પૂજા અર્ચના કે ઉપાસના કરી, અને શિવ શંકરને પ્રસન્ન કરીએ. ભગવાન ભોળાનાથ આપણી ભાવનાને જરુર સમજશે અને હૃદયસ્થ ભક્તિ ભાવમાં વધારો કરશે. મંદાકિનીનાં પવિત્ર ભાવનાથી આપણું જીવન હર્યું ભર્યું રહેશે. શિવ પુરાણમાં સ્વયં શિવ પોતાનાં નિરાકાર સ્વરૂપે શિવલિંગની પૂજા અર્ચના કરવી એમ કહે છે.ૐ નમઃ શિવાય.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### તમે જેને કામ સોંપો છો તેનો ઇતિહાસ ચેક કરો, આંધળુકીયા કરશો તો નાણા ગુમાવશો

# વિઝાના નામે છ લોકોએ ગુમાવ્યા અડધો કરોડ

## અલગ અલગ રકમ લઇ પ્રોસેસના નામે આ લોકોને અમદાવાદ-દિલ્હીના ધક્કા ખવડાવ્યાઃ છેલ્લે ખબર પડી કે આપણે તો છેતરાઇ ગયા

રાજકોટ, તા. ૧
વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે સતત વધી ગયેલા બનાવો વચ્ચે વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં બાપ બેટાએ સાથે મળીને વિઝાના નામે છ લોકો સાથે અડધા કરોડથી વધુની ઠગાઇ કરી લીધી છે. આ છએય લોકોને અમદાવાદ, દિલ્હીના આટાફેરા કરાવી છેલ્લે રઝળતા મુકી દેવાયા હતાં. છેતરાઇ ગયાની ખબર પડતાં આ લોકો પોલીસ પાસે જતાં તપાસ શરૂ થઇ હતી.

રાજ્યભરમાં વર્ક પરમીટ વિઝાના નામે ફ્રોડ થઇ રહ્યા છે. દરમિયાન આ વખતે નડીયાદ પંથકમાં આવી ઘટના સામે આવી છે. વસોના પિતા-પુત્રએ વિઝા અપાવવાના બહાને છ વ્યક્તિઓ સાથે રૂ ૫૬ લાખની છેતરપિંડી આચરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.બંને ઠગોએ દિલ્હી અને અમદાવાદના આંટાફેરા કરાવી નાણાં પડાવ્યા બાદ હાથ અધ્ધર કરી દેતાં વસો પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. વસોના વાંટામાં રહેતા રોનક મહીડા પરિવાર સાથે રહી ખેતી કરે છે. યુવકે પત્નિ સાથે ઓસ્ટ્રેલિયા નોકરી કરવા જવા માટે વિઝા લેવાના પ્રયાસો ચાલુ હતા. દરમિયાન વસોના રશ્મિકાંત અને તેના દિકરા ભાવીક વિઝાનું કામ કરતો હોવાની જાણ થતાં યુવક મળવા ગયો હતો.

તે સમયે પિતા-પુત્રએ કહ્યું હતું કે, હું ગવર્મેન્ટ સાઇટનો એમ્પલોઇ છું માટે જે દેશના વિઝા કરવા હોય તે મારી સાઇટ પર મૂકો તો ત્યાંથી ગર્વમેન્ટ વિઝા આપી દે છે. જેથી યુવકે પત્નિ અને બાળક મળી ત્રણેયના પાસપોર્ટની કોપી આપતા દંપત્તિનો ખર્ચ રૂ ૨૫ લાખ કહી રૂ ૧ લાખ ટીકીટના કહ્યા હતા. જેથી યુવકે ટિકિટના પૈસા મોકલતા દિલ્હીથી સિડની-ઓસ્ટ્રેલિયાની ટિકિટ મોકલી હતી. જે ટિકિટની ખાતરી કરતા યુવકની જ હતી. જેથી ભાવિકને ફોન કરી બધાને સાથે જવું છે, એકલા નહી કહેતા ભાવિકે કહ્યું હતું કે, આપણે જે માણસને વિઝા માટેનું કામ સોપ્યું હતું તે ભાઇ ભાગી ગયો છે માટે બીજાને વિઝાનું કામ સોંપ્યુ છે કહી વિઝિટર વિઝાનો ફોટો મોકલ્યો હતો.

ત્યારબાદ કહેલું તમે ઓસ્ટ્રેલિયા જઈ પૂરા પૈસા આપશો તેની શું ગેરન્ટી કહી યુવક પાસેથી રૂ ૧.૫૦ લાખના ત્રણ કોરા ચેક મળી કુલ રૂ ૧૪ લાખ લીધા હતા. બીજી તરફ વિઝા પ્રોસેસમાં અગિયાર માસનો સમયગાળો વિતવા છતાં કોઇ નક્કર પરિણામ મળ્યું ન હતું.ઉલ્ટાનું અમદાવાદ અને દિલ્હી લઇ જઇ અલગ અલગ બહાના બતાવતાં પરત આવ્યા હતા.આ અંગે તપાસ કરતા યુવક સહિત બીજા છ વ્યક્તિઓ સાથે પણ પિતા-પુત્રએ વિઝાના નામે છેતરપિંડી આચરી હોવાનું માલૂમ પડયું હતું.આ બનાવ અંગે રોનક મૂકેશભાઇ મહિડાએ વસો પોલીસ મથકે ભાવિક રશ્મિકાંત વ્યાસ અને રશ્મિકાંત શંકરલાલ વ્યાસ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. આવા ફ્રોડથી બચવા લોકોએ જાગૃત થવું ખુબ જરૂરી છે. તમે જેને વિઝાનું કામ આપો છો એ કેટલાં વર્ષથી કામ કરે છે અને તે જેન્યુન છે કે નહીં તે તપાસ કરવી જોઇએ. જો તમે સ્ટુડન્ટ વિઝા માટે એપ્લાય કર્યું હોય તો ફી નું પેમેન્ટ ડાયરેક્ટ યુનિવર્સિટીના એકાઉન્ટમાં જ જમા કરાવવાનો આગ્રહ રાખો, એજન્ટના એકાઉન્ટમાં નહીં.




આ સિવાય હવે તો એઆઇનો બહોળો ઉપયોગ લોકો કરે જ છે. ત્યારે જો તમે વર્ક પરમીટ માટે એપ્લાય કરી રહ્યા હોવ તો એ.આઇ. ટુલનો ઉપયોગ કરો અને એજન્ટ જે વાયદા કરે છે તે સત્ય છે કે નહીં તે ચેક કરો. સામાન્ય રીતે વિઝાનું કામ આખી ચેનલ દ્વારા થાય છે. જે ચેનલમાં એકાદ વ્યક્તિ આઘુંપાછું કરે ત્યારે આ રીતના કિસ્સા બનતા હોય છે. તેથી સૌથી પહેલાં તો જેને વિઝાનું કામ સોંપો છો તેની તપાસ સંપૂર્ણ રીતે કરો. સોશિયલ મિડીયા પર આવતી લોભામણી જાહેરાતો પર આંખ બંધ કરીને ભરોસો ન કરા. વસોના પિતા-પુત્રએ યુવક સહિત છ પાસેથી પૈસા લીધા હતા. જેમાં યુવક પાસેથી રૂ ૧૪ લાખ,પ્રિત વિપુલભાઇ કાછીયા રૂ ૭ લાખ,કંદર્પ ધ્રુવભાઈ દવે રૂ ૭ લાખ,પ્રવિણ વાઘેલા રૂ ૮ લાખ,પાર્થ રાજેશભાઇ શર્મા રૂ ૧૦ લાખ અને અશોક ઇશ્વરભાઇ શર્મા રૂ ૧૦ લાખ મળી કુલ રૂપિયા ૫૬ લાખ લઇ વિઝા આપવાનું કામ ન કરી પૈસા પણ પરત આપ્યા ન હતા.

એટલુ જ નહિ યુવકને ભાવિકે કહ્યું હતું કે, તમારે મારી સાથે દિલ્હી સુધી આવવાનું છે. ત્યાંથી તમને તમારી ટીકીટ અને વિઝા અપાવી તમને ઓસ્ટ્રેલિયા મોકલી આપીશ કહી છ શખ્સોને પ્રથમ અમદાવાદ લઇ ગયો હતો. ત્યાં આખો દિવસ યુવક સહિતના છ લોકોએ રાહ જોવા છતાં થર્ડ પાર્ટી પાસપોર્ટ લઈને ન આવતાં તમામને ઘરે મોકલી આપ્યા હતા. અમદાવાદથી પરત આવ્યાના ચાર દિવસ બાદ તમામ છ વ્યક્તિઓને અમદાવાદથી દિલ્હી લઇ ગયો હતો.ત્યાં જઈ કહ્યુ હતુ કે આપણે ઓસ્ટ્રેલિયાના વિઝા માંગ્યા હતા પરંતુ એજન્ટે ઓસ્ટ્રેલિયાના બદલે ફીઝી દેશના વિઝા મોકલ્યા છે માટે અહીં ત્રણ દિવસ રહેવું પડશે કહી રાખ્યા હતા. ત્યારે પાસપોર્ટ ભાવિકે લઇ લીધા હતા. આમ વધુ એક ફ્રોડમાં અડધા કરોડ ગુમાવાયા હતાં.

---

### આરોગ્ય સમીક્ષા કેન્દ્ર દ્વારા કુલ ૩.૭૬ લાખથી વધુ કોલ્સ સ્વીકારવામાં આવ્યા : ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન પરથી ૧૨,૮૦૦થી વધુ અને PMJAY હેલ્પલાઈન પર ૪,૦૦૦થી વધુ કોલ્સ સ્વીકાર્યા

# નાગરિકોના સ્વાસ્થ સુરક્ષા માટે રાજય સરકારની ક્રાંતિકારી પહેલ

રાજકોટ, તા. ૧
ગુજરાતના નાગરિકોની સ્વાસ્થ્ય સુરક્ષા અને સુખાકારીને કેન્દ્રમાં રાખીને એક ક્રાંતિકારી પહેલના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે તાજેતરમાં જ ગાંધીનગર ખાતે આરોગ્ય સમીક્ષા કેન્દ્રનો શુભારંભ કરાવ્યો હતો. આરોગ્ય સમીક્ષા કેન્દ્ર માત્ર એક જ મહિનામાં રાજ્ય સરકારની આરોગ્યલક્ષી યોજનાની પ્રગતિનું નિરીક્ષણ કરવામાં, લાભાર્થીઓ પાસેથી પ્રતિભાવ મેળવવામાં અને ડેટા આધારિત નિર્ણયો લેવા માટેનું એક મહત્વપૂર્ણ મધ્યમાં પૂરવાર થઇ રહ્યું છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ કેન્દ્રમાં ઉપલબ્ધ અદ્યતન સુવિધા અને ૧૦૦ જેટલા કોલટેકર્સના માધ્યમથી આરોગ્ય વિભાગની તમામ સ્વાસ્થ્યલક્ષી સેવાઓની એક જ સ્થળેથી વ્યાપક સમીક્ષા થઇ રહી છે. ગત જુલાઈ-૨૦૨૫ દરમિયાન આ કેન્દ્ર દ્વારા કુલ ૩.૭૬ લાખથી વધુ કોલ્સ સ્વીકારવામાં કરવામાં આવ્યા હતા. જેમાં ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન પરથી ૧૨,૮૦૦થી વધુ, આરોગ્ય સમીક્ષા કેન્દ્ર પર ૫૮,૦૦૦થી વધુ, ડ્ઢખઉંઅઢ લાભાર્થીઓના પ્રતિસાદ કોલિંગ માટે ૯૯,૦૦૦થી વધુ, ડ્ઢખઉંઅઢ હેલ્પલાઈન પર ૪,૦૦૦થી વધુ તેમજ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશનના RMNCAH+N માટે આવેલા ૨,૦૦,૦૦૦થી વધુ કોલ્સને મળી કુલ ૩.૭૬ લાખથી વધુ કોલ્સ સ્વીકારવામાં આવ્યા હતા.




મંત્રી વિગતવાર માહિતી આપતા કહ્યું હતું કે, આરોગ્ય સમીક્ષા કેન્દ્ર દ્વારા જુલાઈ-૨૦૨૫ દરમિયાન સગર્ભા માતાના આરોગ્ય માટે ૧૪,૦૦૦થી વધુ, બાળ આરોગ્ય માટે ૧૩,૯૦૦થી વધુ, ટી.બી.ના દર્દીઓને ૧૧,૯૦૦થી વધુ, રસીકરણ કામગીરી માટે ૫,૦૦૦થી વધુ, સિકલસેલના દર્દીઓને ૬,૫૦૦થી વધુ, શાળા આરોગ્ય કાર્યક્રમ માટે ૬,૫૦૦થી વધુ, વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ માટે ૨૪૫ કોલ્સ કરીને આ પ્રકારની મહત્વપૂર્ણ આરોગ્ય સેવાઓનું પણ ફોલો-અપ લેવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન દ્વારા જુલાઈ-૨૦૨૫ દરમિયાન PMJAY-આયુષ્યમાન કાર્ડ અંતર્ગત સારવાર લઇ રહેલા દર્દીઓના પ્રતિભાવ અને સકારાત્મક પ્રભાવની પુષ્ટિ કરવા માટે કુલ ૯૯,૦૦૦થી વધુ કોલ્સ કરવામાં આવ્યા હતા. તેવી જ રીતે, PMJAY હેલ્પલાઈન પર પણ ૪,૦૦૦થી વધુ કોલ્સ સ્વીકારીને, મોટા ભાગની ફરિયાદોને હકારાત્મક વાચા આપવામાં આવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીએ ગર્વભેર કહ્યું હતું કે, ૧૬ જુલાઈના રોજ વર્લ્ડ બેંકની ટીમે તેમજ તા. ૨૪ જુલાઈના રોજ મહારાષ્ટ્ર સરકારની આરોગ્ય વિભાગની ટીમે આરોગ્ય સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી અને રાજ્ય સરકારની આ પ્રેરણાદાયી પહેલથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. ગુજરાત સરકારની આ મહત્વકાંક્ષી પહેલ રાજ્ય સરકારનો નાગરિકોના આરોગ્ય પ્રત્યેનો સકારાત્મક અને પ્રગતિશીલ અભિગમ દર્શાવે છે. આ કેન્દ્રના માધ્યમથી રાજ્ય સરકાર આરોગ્યલક્ષી કાર્યક્રમોનું સંકલન કરીને લાભાર્થીઓને સમયસર અને સચોટ સેવાઓ પૂરી પાડવા માટે કટિબદ્ધ છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

---

# ભારતમાંથી કોમ્પ્યુર હાર્ડવેરની પણ થશે નિકાસ

### કોમ્પ્યુટર સોફ્ટવેર ક્ષેત્રનાં ભારત અને ભારતીયોનું યોગદાન મહત્વપૂર્ણ છે, ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ અને એઆઇ ટેક્નોલોજીમાં ભારતનું ભવિષ્ય ઉજળું : પરમ સુપર કોમ્પ્યુટરના જનક ડો. વિજય ભાટકરે ભવિષ્યને લઇ કરી વાત

રાજકોટ, તા. ૧
ભારતના સુપર કોમ્પ્યુટર 'પરમ'ના જનક તરીકે ઓળખાતા પદ્મ ભૂષણ ડો. વિજય ભાટકરે ભારતને કોમ્પ્યુટર હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાના અભિયાનની સફળતા તરફ ઈંગિત કરતા કહ્યુ કે, હવે એ દિવસો બહુ જ નજીક છે કે, ભારતમાંથી વિદેશોમાં પણ કોમ્પ્યુટર હાર્ડવેરની નિકાસ થવા લાગશે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી ઓફ બરોડાની ઇજનેરી વિદ્યાશાખામાં અભ્યાસ કરનારા ડો. ભાટકર આજે તેમની માતૃસંસ્થાની મુલાકાતે આવ્યા હતા. યુનિવર્સિટીમાં ટેકો તરીકે ઓળખાતા કેમ્પસમાં બેસી અભ્યાસકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમને ભારત દ્વારા નિર્મિત સુપર કોમ્પ્યુટરના ફાધર માનવામાં આવે છે. તેઓ હાલમાં નાલંદા યુનિવર્સિટીના કુલપતિ છે.

એક ખાસ વાતચિતમાં તેમણે કહ્યું કે, ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં સરકારના પ્રયત્નોના કારણે કોમ્પ્યુટર ચિપ્સના પ્લાન્ટ સ્થાપવા લાગ્યા છે. આ બાબત સૂચવે છે કે, હવે માત્ર સોફ્ટવેર નિર્માણના ક્ષેત્રમાં જ નહી પરંતુ, કોમ્પ્યુટર હાર્ડવેરના ક્ષેત્રમાં નિકાસની દિશામાં ભારત આગળ વધી રહ્યું છે. એક સમયે ભેલ, સેન્ટ્રલ ઇલેક્ટ્રોનિક લિમિટેડ જેવી થોડી કંપનીઓ જ કામ કરતી હતી. હવે ખાનગી કંપની દ્વારા દ્વારા કોમ્પ્યુટર ચિપ્સના પ્લાન્ટ નંખાઇ રહ્યા છે.



તેમણે કહ્યું કે, આર્ટીફિશ્યલ ઇન્ટેલિન્સ ઉપરાંત ન્યુ એજ કોમ્પ્યુટર, સોફ્ટવેરના નિર્માણમાં ભારતે હજુ લાંબુ ખેડાણ કરવાનું છે. અમેરિકા જેવા સમૃદ્ધ દેશો પણ ભારત કે ભારતીયો દ્વારા નિર્મિત સોફ્ટવેર ઉપર આધાર રાખે છે. કોમ્પ્યુટર સોફ્ટવેરના નિર્માણમાં ભારતીયોનું ખૂબ જ યોગદાન છે. દક્ષિણ ભારત ઉપરાંત ગુજરાતના ઇજનેરો આ દિશામાં મહત્વનું કામ કરી રહ્યા છે.

ઇન્ડીજીનિયસ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ, ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ જેવા ઉભરતા ક્ષેત્રોમાં ભારત અને ભારતીયોનું યોગદાન વધશે, એવું સૂચિત કરતા તેમણે કહ્યું કે, ભારતીય સોફ્ટવેર ઇજનેરો નવું સંશોધન કરતા રહ્યા છે. અમે જ્યારે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડામાં અભ્યાસ કરતા હતા ત્યારે માત્ર એનાલોગ કોમ્પ્ટુટર હતા. દિલ્હીની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીમાં પણ થોડા ડિઝીટલ કોમ્પ્યુટર હતા. હવે જે સંશોધનો થઇ રહ્યા છે, તે સૌની સામે છે. સોફ્ટવેર ટેક્નોલોજીના કારણે ડિઝીટલ રિવોલ્યુશન આવ્યું છે. એઆઇ ટેક્નોલોજીમાં ભારતીયોનું ભવિષ્ય ઉજળું છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેક્સટાઇલમાં આયોજિત એક કાર્યક્રમમાં ડો. વિજય ભાટકરે ઇજનેરી છાત્રો સાથે વાર્તાલાપ પણ કર્યો હતો.

---

### કંપનીમાં મોટો કોન્ટ્રાક્ટ મળ્યો છે કહી વેપારીને ઠગ ટોળકીએ લગાવ્યો ચૂનો

# રોકાણ સામે સિત્તેર લાખ કમાવવા જતાં ગુમાવ્યા અડધો કરોડ

## એક આરોપીને ઝડપી લેવામાં પોલીસ સફળઃ મહિલા સહિત બાકીના ચારની શોધખોળ

રાજકોટ, તા. ૧
અલગ અલગ લાલચ આપી લોકોને છેતરવાની ઘટનાઓ સતત વધી રહી છે. આવા વધુ નવા બનાવો સામે આવ્યા છે. જેમાં એક કિસ્સામાં વેપારીને એમક્યોર ફાર્માસ્યુટિકલનો કોન્ટ્રાક્ટ છે, ખુબ નફો મળશે તમે પચાસ લાખનું રોકાણ કરો સામે સિત્તેર લાખ મળશે તેમ કહી વેપારી પાસેથી અડધો કરોડ પડાવી લેવાયા હતાં. ઠગ ટોળકીને હવે પોલીસ શોધી રહી છે. બીજા બનાવમાં જમીનના સોદાના નામે નેવુ લાખની ઠગાઇ થઇ છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વડોદરાના અટલાદરાના વેપારીને ટ્રેડ પ્રોફિટ ફન્ડનું કામ છે, તેમ જણાવી એમક્યોર ફાર્માસ્યુટિકલ કંપનીનો કોન્ટ્રેક્ટ હોવાની લાલચ અપાઈ હતી. ત્યારબાદ ઠગ ટોળકીને રૂ.૫૦ લાખ રોકડા આપો અને રૂ.૭૦ લાખ બેંક ખાતામાં આરટીજીએસ મળી જશે તેવી લાલચ આપીને રૂ.૪૯.૮૦ લાખ પડાવી લીધા હતા. ત્યારે આ મામલે અકોટા પોલીસે પાંચ સામે ઠગાઈનો ગુનો નોંધ્યો હતો. અટલાદરા દેવેશ આઈકોનમાં રહેતા મિતેષ બલરામ મેઘનાની ભાયલીમાં અનંતા કંસીસ પ્રા.લી. નામે ફેસીલિટી મેનેજમેન્ટનો વેપાર કરે છે. છ મહિના પહેલાં મિતેષને વકિલ તરીકે ઓળખાણ આપનાર કેતન શાહ સાથે પરિચય થયો હતો.મિતેષે જાન્યુઆરીમાં કેતનને એડવાન્સ પેટે રૂ.૧ લાખ આપ્યા હતા.

થોડા સમય બાદ કેતને જણાવ્યું હતું કે, કંપનીના કર્મચારી આવી ગયા છે. આપણે ડિલ કરવાની છે. કેતન સાથે યોગિતાસિંઘ ઉર્ફે હેમલતા શર્મા મિતેષને મળ્યા હતા. યોગિતાસિંઘ પોતે એમક્યોર ફાર્માસ્યુટિકલ કંપનીની કર્મચારી હોવાની આળખ આપતી હતી. તેમની સાથે મિરાજ પારેખ પણ હતો. મિતેષ તેની સાથે રૂ.૧ કરોડ રોકડા લઈને આવ્યા હતા. તેને એસપી આંગડિયા પેઢીમાં લોડિંગ કરાવ્યા હતા. આ દરમિયાન યોગિતાસિંઘ, કેતન તથા મિરાજ હયાત હોટલે ડીલ કરવા બાબતે વાત કરવા ગયા હતા. જ્યાં યોગિતાસિંઘે તેની કંપનીના હેડ તરીકે ઓળખ આપી કૌશલ મહેતા સાથે એગ્રીમેન્ટ ડીડ અંગે વાત કરાવી હતી. ત્યારબાદ યોગિતાસિંઘે મારે અહીં કામ છે. જેથી હું ઓફિસમાં બેસું છું તેમ કહ્યું હતું.

ત્યારબાદ મિતેષ ત્યાંથી નીકળ્યા હતા. જોકે ૩-૪ કલાક સુધી તેમનું કોઈ કામ થયું નહોતું. જેથી તેમને ડી.કે આંગડિયામાં ફોન કરી પેમેન્ટ હોલ્ડ રાખવા કહ્યું હતું. આ દરમિયાન મિતેષને રૂપિયા જમા થયા હોવાના રૂ.૨૫-૨૫ હજારના બે મેસેજ આવ્યા હતા. જોકે આગળ કામ ન થતા મિતેષે આંગડિયામાં ફોન કરી પોતાના રૂપિયા સવારે લઈ જશે તેમ કહ્યું હતું. મિતેષ ડી.કે. આંગડિયા ઓફિસે પહોંચ્યા હતા. ત્યાંથી તેમના રૂપિયા સિટીમાં આવેલી પ્રાઇમ આંગડિયામાં મોકલી દીધા હોવાનું જાણવા મળ્યું હતું. મિતેષ તે આંગડિયાની ઓફિસે પહોંચતા ત્યાંથી રૂપિયા




### બીજા બનાવમાં જમીનના સોદાના નામે નેવુ લાખની ઠગાઇ : સસરા સહિતે જ ગરીયો ફેરવી નાંખ્યો

મુંબઈની પટેલ પ્રાઇમ આંગડિયા પેઢીમાં મોકલાઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

પટેલ પ્રાઇમ આંગડિયા પેઢીમાંથી રૂ.૧૦ના ટોકનથી કૃણાલે રૂપિયા મેળવી લીધા હતા. મિતેષને નફો મળશે તેની લાલચ આપી ઠગી લેવાયો હતો. આ મામલે અકોટા પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી. અકોટા પોલીસ સ્ટેશનના પીએસઆઈ સી.એમ.ગઢવીએ કહ્યું કે, કેતને મિતેષને રૂપિયાનું રોકાણ કરવું હોય તો, રૂ.૫૦ લાખ રોકડા આપશો તો તેની સામે આરટીજીએસ રૂ.૭૦ લાખ આવશે તેમ જણાવ્યું હતું. મિતેષને આંગડિયા પેઢીમાં લઈ જઈ વાતોમાં ભેરવી રૂપિયા રિલીઝ કરાવી દીધા હતા. કેતનની ધરપકડ કરાઈ છે અને કોર્ટમાં રજૂ કરીને એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે. યોગિતાસિંઘ ઉર્ફે હેમલતા શમા, મિરાજ કિરણ પારેખ, કેતન ચિતરંજન શાહ, કૌશલ મહેતા અને કૃણાલના આરોપીમાં નામ છે.

બીજા બનાવમાં જમીનના સોદાના નામે નેવુ લાખની છેતરપીંડી થઇ છે. સુરતના રિંગ રોડ પર ટેક્સટાઈલનો વેપાર કરતા વેસુના એક વેપારી સાથે જમીનના સોદાના બહાને છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. વેપારીના સસરા લોકનાથ ગંભીર સહિત તેમના પરિવારે આ છેતરપિંડી આચરી હોવાનો આરોપ છે. આ અંગે વેપારી ગૌરવકુમાર મદનલાલ જુનેજાએ ગઈકાલે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ વેસુના યુનિકોન પ્લાઝામાં રહેતા અને રિંગ રોડ પર અશોકા ટાવરમાં રીકેશ સારીઝ ના નામથી કાપડનો વેપાર કરતા ૪૬ વર્ષીય ગૌરવકુમાર મદનલાલ જુનેજાએ તેમના સસરા લોકનાથ લુરીડારામ ગંભીર, સાસુ મોનરમારાણી ઉર્ફે મનોરમાબેન લોકનાથ ગંભીર અને સાળા હાર્દિક લોકનાથ ગંભીર સામે ફરિયાદ નોંધાવી છે. ગૌરવકુમાર જુનેજાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમના બંને પરિવારો વચ્ચે ૧૯૯૮થી પારિવારિક સંબંધો છે. ૧૯૯૯માં અલથાણ-વેસુ વિસ્તારમાં આવેલી અલગ-અલગ જમીનો ભાગીદારીમાં ખરીદી હતી અને તેના દસ્તાવેજો ગૌરવકુમાર અને ગંભીર પરિવારની શિવશક્તિ ડેવલપર્સ નામે કરાવ્યા હતા.

આ દરમિયાન, ભરથાણા-વેસુ સર્વે નંબર ૧૧૬-બી, ટી.પી. સ્કીમ નંબર ૬૫, ફાયનલ પ્લોટ નંબર ૯ વાળી જમીનમાં ગૌરવકુમારે ૯૦ લાખ આપ્યા હતા. આ પૈસા તેમણે તેમના સસરા લોકનાથ ગંભીર અને સાસુ મનોરમારાણી ઉર્ફે મનોરમાબેનને ચેક દ્વારા આપ્યા હતા, જ્યારે બાકીની રકમ રોકડમાં આપી હતી, જેની સાથે તેઓએ ડાયરી લખી આપી હતી. ગંભીર પરિવારે સ્ટેમ્પ ડ્યુટી અને ઇન્કમ ટેક્સની ચોરી કરવા માટે, ૨૫ માર્ચ ૨૦૦૮ના રોજ બોગસ સ્ટેમ્પ પેપર ઉપર ૩૧ માર્ચ ૨૦૦૮ના રોજનો જૂની તારીખનો બોગસ સાટાખત તાજેતરમાં ભો કર્યો હતો. આના દ્વારા એવું ચિત્ર ભું કરવાનો -યાસ કરવામાં આવ્યો હતો કે, જમીન ૨૦૦૮થી જે.જે. બી. ડેવલોપર્સે ભાગીદારી પેઢીના નામે ખરીદવામાં આવી છે. ગૌરવકુમાર જુનેજાની મિલકત પચાવી પાડવાના ઇરાદે ગંભીર પરિવારે આ બોગસ સાટાખતના આધારે વેચાણ દસ્તાવેજ પોતાના નામે કરાવી લઈ ગૌરવકુમાર સાથે છેતરપિંડી કરી હતી. ગૌરવકુમારની ફરિયાદને આધારે ક્રાઈમ બ્રાન્ચે ગંભીર પરિવાર સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### હવસખોરી-વિકૃતીની સતત વધી રહેલી ઘટનાઓ વચ્ચે ત્રણ ચોંકાવનારા બનાવ

# ૧૪ વર્ષની બાળા સાથે સગીર-ઢગાનું દૂષ્કર્મ

## પોલીસે બંનેને દબોચ્યાઃ બીજા બનાવમાં યુવતિને લગ્નની લાલચ આપી વારંવાર દેહ પીંખી છેલ્લે તરછોડી દીધીઃ ૧૦ વર્ષની બાળાને કુરકુરેની લાલચ દઇ ઢગાએ રૂમમાં પુરી દૂષ્કર્મનો પ્રયાસ કર્યો

રાજકોટ, તા. ૧

રાજયમાં અપહરણ, છેડતી, પજવણી, બળાત્કારના કિસ્સાઓમાં સતત વધારો થઇ રહ્યો છે. લગભગ દરરોજ કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારની એફઆઇઆર દાખલ થાય છે. વધુ આવા બનાવ સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં ચૌદ વર્ષની બાળા પર બે શખ્સોએ હવસખોરી આચરી લીધી હતી. પોલીસે કલાકોમાં બંને વિકૃત શખ્સોને દબોચી લીધા હતાં. જેમાં એક તો સગીર વયનો છે. બીજા બનાવમાં યુવતિને લગ્નની લાલચ આપી દોઢ વર્ષ સુધી દૂષ્કર્મ આચરી બાદમાં તરછોડી દેવામાં આવી હતી. ત્રીજી ઘટનામાં એક દસ વર્ષની બાળાને કુરકુરેની લાલચ આપી ઢગાએ રૂમમાં પુરી દૂષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. પોલીસે હવસખોરને દબોચી લીધો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં બન્યો છે. અહિ બે શખ્સે ૧૪ વર્ષીય સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું. મકરપુરા પોલીસે આરોપી ઓગણત્રીસ વર્ષના અજય સુનીલભાઈ મીઠાલાલ મહિડાની ધરપકડ કરી છે. બીજો આરોપી સગીર વયનો છે. કિશોર સામે જુવેનાઈલ જસ્ટિસ એક્ટની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. ઘટનાની વિગતો જણાવતાં એસીપી પ્રણવ કટારીયાએ જણાવ્યું હતું કે, મકરપુરા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા ગુનામાં પીડિતા હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા અને ત્યાંથી દવાખાના વર્ધી મકરપુરા પોલીસ સ્ટેશનને મળી હતી, જેમાં પીડિત દીકરીને ત્રણ માસનો ગર્ભ હોવાની જાણ થતા પોલીસે તાત્કાલિક દવાખાને પહોંચીને ભોગ બનનારની માતાની અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ લીધી હતી.

જેમાં ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ રિયાદ લેવામાં આવી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, પીડિતાની ચાઈલ્ડ કાઉન્સેલિંગ એક્સપર્ટની મદદથી પૂછપરછ કરતા તેણે પ્રાથમિક તબક્કે બે શંકાસ્પદ આરોપીઓના નામ લીધા હતા. ડીએનએ પરીક્ષણ કરીને આરોપીઓ સાથે મેચ કરીને એ મુજબની સાયન્ટિફિક તપાસ કરીને પુરાવો એકઠા કરીને એમાં આગળ તપાસ ચાલુ છે. બે આરોપીમાંથી એક માઈનોર છે. પીડિતા ઘરે એકલી હોય એવા સમયે આ લોકો એકલતાનો લાભ લઈને એની સાથે દુષ્કર્મ કર્યું હતું.

બીજા બનાવમાં સુરતના ડભોલી વિસ્તારમાં રહેતી યુવતીને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ લગ્નની



લાલચ આપીને દોઢ વર્ષ સુધી અલગ અલગ જગ્યાએ લઇ જઇ શારીરિક સંબંધ બાંધ્યા બાદ તરછોડી દેવાઇ હતી. એટલું જ નહીં યુવતીની જાતિને લઇને પણ ટિપ્પણી કરી હતી. યુવતીની ફરિયાદના આધારે આરોપી પ્રેમી વિરૂદ્ધ સિંગણપોર પોલીસમાં રેપ અને એટ્રોસિટીનો ગુનો નોંધ્યા હતો. વરાછા મીની બજાર શ્યામનગર સોસાયટીમાં રહેતા નિકુંજ ચૌહાણે ડભોલી રહેતી ત્રીસ વર્ષની યુવતી સાથે મિત્રતા કરી પ્રેમજાળમાં ફસાવી હતી. નિકુંજ ચૌહાણે તેણીને લગ્નની લાલચ આપી હતી. નિકુંજની વાતોમાં આવી ગયેલી યુવતી તેની સાથે હરવા ફરવા જવા લાગી હતી.

દરમિયાનમાં નિકુંજ ચૌહાણ અડાજણ ગેલેક્સી સર્કલ પાસે આવેલ વી.ડી રૂમ્સ નામની હોટલમાં યુવતીને લઈ ગયો હતો. જયાં તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો.ત્યારબાદ નિકુંજ દોઢ વર્ષ સુધી તેણીને અલગ અલગ જગ્યાએ ફરવા લઇ જવાના બહાને લઇ જઇ બળાત્કાર કર્યો હતો. જ્યારે યુવતી લગ્નની વાત કરે તો તે ટાળી દેતો હતો. બાદમાં યુવતીએ લગ્ન માટે દબાણ કરતા નિકુંજે તેની સાથે ઝઘડો કરીને જાતિ વિષયક ટિપ્પણી કરી લગ્નનો ઇન્કાર કરી દીધો હતો. અને સબંધ પણ તોડી નાખ્યો હતો. આખરે યુવતીએ સિંગણપોર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો નોંધી તપાસ આદરી છે.

ત્રીજી ઘટનામાં સુરતના માંગરોળ તાલુકાના પીપોદરા ગામે એક દસ વર્ષની સગીરાના માતા પિતા નોકરી પર ગયા હોય રૂમમાં એકલતાનો લાભ લઈ એક નરાધમે કુરકુરેની લાલચ આપી રૂમમાં પ્રવેશ કરી સગીરા સાથે દુષ્કર્મ કરવાની કોશિશ કરી હતી, પરંતુ સગીરા અને તેની પિતરાઈ બહેને બૂમો પાડતા નરાધમ ત્યાંથી ભાગી છૂટ્યો હતો, જે અંગે ભોગ બનનાર સગીરાના પિતાએ કોસંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે ગણતરીના કલાકોમાં જ કોસંબા પોલીસે તેની મોડી રાત્રીના ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેને જેલના હવાલે કર્યો હતો. પીપોદરા જીઆઇડીસી લહેરની પાસે આવેલ કિરણ ટેક્સટાઇલના ગેટની અંદર આવેલા મકાનમાં ભાડેથી રહેતો બ્રિજેશકુમાર ગોરખનાથ રાજભર દ્વારા કૂકર્મનો પ્રયાસ કરાયો હતો.

એક ફેક્ટરીના મકાનમાં રહેતી દસ વર્ષની સગીરાને તેના માતા પિતાની ગેરહાજરીમાં કુરકુરે અને પાંચ રૂપિયાની લાલચ આપી સગીરા તેની અન્ય સગીર પિતરાઈ બહેન સાથે તેના રૂમમાં ગઈ હતી ત્યારે એકલતાનો લાભ લઈ તે રૂમમાં પ્રવેશ કર્યો હતો અને સગીરાને પકડી દુષ્કર્મ કરવાની કોશિશ કરી હતી. આ ઘટનામાં તેણે તેની પિતરાઈ બહેનને પણ બાથરૂમમાં પૂરી હતી. બેઉ સગીરા દ્વારા બૂમાબૂમ કરતા આ નરધમ ત્યાંથી ભાગી છુટયો હતો અને સગીરાઓ દ્વારા સમગ્ર ઘટના પોતાના માતા પિતાને જણાવતા કોસંબા પોલીસ સ્ટેશનમાં પિતા દ્વારા બ્રિજેશની ઉપર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

### શાળાકીય રમતોત્સવ અંતર્ગત

# રાજકોટ જિલ્લા કક્ષા બેડમિન્ટન સ્પર્ધા યોજાઇ

### અન્ડર ૧૪, ૧૭, ૧૯ વયજૂથના ભાઇઓ બહેનોની સ્પર્ધા વિજેતાઓને કરાયા સન્માનિત





રાજકોટ, તા. ૧

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને રાજકોટ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા રાજકોટ શહેર-ગ્રામ્ય શાળાકીય રમતોત્સવ ૨૦૨૫-૨૬નું આયોજન કરાયું છે.

આ શાળાકીય રમતોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષા બેડમિન્ટન અન્ડર ૧૪, ૧૭, ૧૯ વયજૂથના ભાઈઓ-બહેનોની સ્પર્ધા મલ્ટીપર્પઝ ઇન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી. જેમાં અન્ડર ૧૪ કેટેગરીમાં ૭૨, અન્ડર ૧૭ કેટેગરીમાં ૬૩ અને અન્ડર ૧૯ કેટેગરીમાં ૨૧ બહેનોએ ભાગ લીધેલ હતો. જે પૈકી અન્ડર ૧૪ કેટેગરીમાં પ્રથમ ક્રમે શ્રેયા ડેનિસ આડેસરા (એસ.એન.કે. સ્કૂલ), દ્વિતીય ક્રમે નિયતિ નેહલભાઈ ડોડીયા (એસ.એન.કે. સ્કૂલ) અને તૃતીય ક્રમે અનુષ્કા મયુરભાઈ દવે (નિર્મલા કોન્વેટ સ્કૂલ) વિજેતા થયા હતાં.

જયારે અન્ડર ૧૭ કેટેગરીમાં પ્રથમ ક્રમે ન્યાસા રાહુલભાઈ મકવાણા (જી.કે. ધોળકિયા સ્કૂલ), દ્વિતીય ક્રમે સાચી અંટાળા (એસ.એન.કે સ્કૂલ) અને તૃતીય ક્રમે હર્ષવી ઝાલા (એસ.એન.કે. સ્કૂલ) વિજેતા થયા હતાં. તેમજ અન્ડર ૧૯ કેટેગરીમાં પ્રથમ ક્રમે જાનવીબા ચુડાસમા (તપસ્વી સ્કૂલ), દ્વિતીય ક્રમે હેતવી ગાંધી (એસ.એન.કે. સ્કૂલ) અને તૃતીય ક્રમે મિસ્ટી ચણિયારા (એસ.એન.કે. સ્કૂલ) વિજેતા થયા હતાં, તેમ જિલ્લા રમતગમત અધિકારીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

# પી.જી.નીટ-જૂનિયર ઈન્સ્પેક્ટરની પરીક્ષામાં ડિજિટલ વોચ પ્રતિબંધિત

### બંને પરીક્ષા અંગે રાજકોટ પોલીસ કમિશનર દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જારી



રાજકોટ, તા. ૧

રાજકોટ શહેરમાં કાલે પોસ્ટ ગ્રેજયુએટ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (પી.જી.નીટ) ની પરીક્ષા સવારે ૯ થી ૧૨ દરમિયાન ૩ કેન્દ્રો ઉપર તથા ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જૂનિયર ઈન્સ્પેક્ટર વર્ગ-૩ની પરીક્ષા બપોરે ૩ થી ૬ દરમિયાન ૧ કેન્દ્ર પર લેવામાં આવનાર છે. આ પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય, પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે, શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પ્રતિબંધાત્મક હુકમો જારી કર્યા છે.

જે મુજબ, ૩ ઓગસ્ટે સવારે ૮ થી સાંજે ૭ સુધી પરીક્ષા કેન્દ્રો (શાળા-કોલેજો) નજીકના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે નહીં. કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્સ-કોપીયર મશીન ચાલુ રાખી શકશે નહીં. પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં વાહનો લાવી કે લઈ જઈ શકાશે નહીં, ચાર વ્યક્તિઓએ ભેગા થવું નહીં. પરીક્ષાર્થીઓએ પરીક્ષા કેન્દ્રોમાં પ્રશ્નપત્રને લગતું કોઈ સાહિત્ય-પુસ્તક-ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન, ટેબ્લેટ, આઈ-પેડ, સ્માર્ટ વોચ વગેરે જેવા ડિજિટલ ઉપકરણો લઈ જવા નહીં.

સુપરવાઈઝરોએ પણ પરીક્ષાખંડમાં મોબાઈલ ન લઈ જવા. પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં. પરીક્ષા કેન્દ્રોમાં ફરજ પરના અધિકારીઓ, સ્ટાફ, કર્મચારીઓએ આઈકાર્ડ પહેરવાનું રહેશે. જેમણે અગાઉથી પરવાનગી મેળવેલી હોય તેવા ફરજ પરના અધિકારીઓ-સ્ટાફ, લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રામાં જોડાયેલા લોકો, ફરજ પરના પોલીસ-એસ.આર.પી.-હોમગાર્ડ-જી.આર.ડી.ના સ્ટાફને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવે છે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# ઘંટેશ્વરના પૂર્વ તલાટી મંત્રી નિલેશ વાઘેલા ફરજ મોકૂફ

### પુરતી ચકાસણી કર્યા વિના માધાપર ગૃપ (ઇ.ચા.)ના તત્કાલીન મહેસૂલી તલાટી નિલેશ એલ. વાઘેલાએ ગામ નમુના નં.૨ માં નોંધો દાખલ કરી હતી



રાજકોટ, તા. ૧

રાજકોટ જિલ્લા કલેકટર ઓમ પ્રકાશે ઘંટેશ્વરના તત્કાલીન રેવન્યુ તલાટી મંત્રી નિલેશ વાઘેલાને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કર્યા છે. રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર ગામની રાવળા હકકની જમીન કબજા હકકમાં ફેરવવા અંગે પ્રાથમિક રીતે મામલતદારના બનાવટી હુકમો, દાખલ સર્ટીફિકેટની નકલો, મહેસુલ ભર્યાની પહોંચની પુરતી ચકાસણી કર્યા વિના માધાપર ગૃપ (ઇ.ચા.)ના તત્કાલીન મહેસૂલી તલાટી નિલેશ એલ. વાઘેલાએ ગામ નમુના નં.૨ માં નોંધો દાખલ કરી હતી.

આ નોંધો અંગેના કોઇ હુકમો મામલતદારશ્રી દ્વારા કરવામાં આવેલ ન હોવાની બાબત ધ્યાને આવતાં મામલતદાર, રાજકોટ તાલુકા દ્વારા આ નોંધો રદ કરવામાં આવી હતી. આમ, પ્રાથમિક રીતે નિલેશ એલ. વાઘેલાએ ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવ દાખવેલ હોવાનું જણાયેલ હોઇ તેઓને કલેકટર, રાજકોટ દ્વારા તાત્કાલિક અસરથી ફરજ મોકુફ કરવામાં આવેલ છે.

### ૧૯ વર્ષનો યુવાન મજુરી પુરી કરી નીચે ઉતરતો હતો અને કાળનું તેડુ આવી ગયું

# વગડ ચોકડીએ નવા બિલ્ડીંગના સાતમા માળેથી પટકાતાં યુવાનનું મોત



રાજકોટ, તા. ૧

આકસ્મિક મૃત્યુની એક ઘટનામાં મજૂર યુવાનનો જીવ ગયો હતો. ગોંડલ રોડ પર વેગડ ચોકડી પાસે ધ ફોરટીન નામનું તેર માળનું નવુ બિલ્ડીંગ બની રહ્યું હોઇ અહિ કડીયા કામની મજૂરી કરતો મુળ મધ્યપ્રદેશનો ઓગણીસ વર્ષનો કરમસિંગ જદુભાઇ મસાર સાંજે છએક વાગ્યે સાતમા માળેથી દાદરા ઉતરતી વખતે લપસી પડતાં ગંભીર ઇજા થવાથી તેની જિંદગીનો અંત આવી ગયો હતો.

વધુ માહિતી જોઇએ તો કરમસિંગને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. કરમસિંગ બે ભાઇ અને એક બહેનમાં નાનો તથા કુંવારો હતો. અહિ કેટલાક સમયથી તેના ભાઇ અને પરિવારજનો સાથે કડીયા કામની મજુરી કરતો હતો. ભાઇના કહેવા મુજબ સાંજે કામ પુરૂ થતાં બધા નીચે ઉતરી રહ્યા હતાં ત્યારે કરમસિંગ લપસી પડ્યો હતો અને આ બનાવ બન્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

### પ્રેમલગ્ન વધુ એક વખત હત્યાનું કારણ બન્યાઃ બીજા કિસ્સામાં લગ્નના નામે ફ્રોડ

# લવમેરેજ કરનારા યુવાનના પિતાની ક્રુર હત્યા

### બાર જણા તૂટી પડ્યાઃ અન્ય બનાવમાં લગ્નવાંચ્છુ યુવાનને લૂંટેરી દૂલ્હન ટોળકીએ લગાવ્યો પાંચ લાખનો ચૂનો

રાજકોટ, તા. ૧

પ્રેમપ્રકરણના ડખ્ખામાં માથાકુટ, મારામારી, હત્યા, આત્મહત્યાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. દરમિયાન એક કિસ્સામાં દિકરાએ પ્રેમલગ્ન કર્યાનો ખાર તેના પિતા પ૨ ૨ઉતારાયો હતો. બાર જેટલા શખ્સોએ લવમેરેજ કરનાર યુવાનના પિતાની ગાડીને આંતરી અકસ્માત સર્જી પછાડી દીધા બાદ તેના પર પાઇપ, છરીથી હુમલો કરી હત્યા નીપજાવી હતી. બીજા એક બનાવમાં લગ્નનો લાડવો ખાવા જતાં યુવાનને પાંચ લાખનો ચૂનો લાગી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો બનાસકાંઠાના થરાદના ડુવા ગામમાં પ્રેમલગ્ન કર્યાની અદાવત રાખી યુવતીના સગાઓએ સાજે ઘરે જઇ રહેલા યુવકના પરિવાર ઉપર હુમલો કર્યો હતો. આ પછી પ્રેમ લગ્ન કરનારા યુવકના પિતાની છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરવામાં આવી હતી. થરાદ તાલુકાના ડુવા ગામના શ્રવણભાઈ પ્રહલાદભાઈ ડાંગીએ પાવડાસણની યુવતી સુખીબેન શાંતિજી સાથે આશરે પચ્ચીસેક દિવસ પહેલા રજીસ્ટ્રેશન મેરેજ કર્યા હતા. દરમીયાને નવ વાગ્યે શ્રવણભાઈ તેમના પિતા, પત્નિ અને ભાઈ-ભાભી સાથે ગાડી લઈને જઇ રહ્યા હતા ત્યારે યુવતીના સગાઓએ ધાખા રોડ ઉપર પાવડાસણ ત્રણ રસ્તા નજીક ચાર ગાડીઓમાં આવીને શ્રવણભાઈની ગાડીને ઘેરી લીધી હતી.

ત્યારબાદ આરોપીઓએ લાકડી, પાઇપ અને છરી જેવા હથિયારો લઈને શ્રવણભાઈનાં પરિવાર પર હુમલો કર્યો હતો .શ્રવણભાઈની પત્ની સુખીબેનને ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો. જેથી શ્રવણભાઈનાં પિતા પ્રહલાદભાઈએ આરોપીને અટકાવતા પ્રહલાદભાઈને છરી સહિતના હથિયારોથી ગંભીર ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતાર્યા હતા. શ્રવણભાઈને તથા તેમના ભાઈ અને ભાભીને પણ લાકડી તથા પાઇપ વડે ઈજાઓ પહોંચાડી તેમની ગાડીના




કાચ તોડી નુકસાન કર્યું હતું. બાદમાં ૧૦૮માં ઘાયલોને ધાનેરા હોસ્પિટલે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

મૃતકનાં પુત્ર જબરાભાઈએ બાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં શાંતીભાઇ ચમનાભાઇ વણકર, મેવાભાઈ ચમનભાઇ વણકર, અશોકભાઇ શાંતીભાઇ વણકર,સુરેશભાઈ શાંતીભાઇ વણકર, શામળાભાઈ રાયમલભાઈ વણકર અને જેમલભાઇ ચમનભાઇ વણકર, ભલાભાઈ મોહનભાઇ વણકર, વિક્રમભાઈ કુંપાભાઈ વણકર અને રૂપનાથભાઈ કુંપાભાઇ વણકર, દિનેશભાઈ દલાભાઇ વણકર, સુરેશભાઈ શામળાભાઇ વણકર અને ગુગીબેન ચમનાજી વણકરનો સમાવેશ થાય છે.

બીજા એક બનાવમાં લગ્નની લાલચ આપી એક યુવાનને છેતરીને પાંચ લાખ પડાવી લેવાયા હતાં. આ બનાવ આણંદના પેટલાદના પલાજ ગામનો છે. ગ્રની લાલચ આપી રૂા. પાંચ લાખ લઈ લીધા બાદ દિકરા સાથે લગ્ન નહીં કરાવી ચાર શખ્સોએ છેતરપિંડી કરી હતી. પેટલાદ તાલુકાના પલાજ ગામમાં નિવૃત્ત શિક્ષક રણછોડભાઈ પટેલ દિકરા મિરલ માટે કન્યા શોધતા હતા. ત્યારે જયંતીભાઈ ચીમનભાઈ પટેલએ સ્વાતિબેન નરેન્દ્ર નિકોશે કે જે મહારાષ્ટ્રની છે તેની સાથે સગાઈ અને લગ્નની લાલચ આપી હતી. ઉપરોક્ત બંને સહિત પરાગ વિજય બોરકર, માધવી મનોજભાઈ પાટણવાડિયા સહિત ચારે ભેગા મળી અલગ અલગ તારીખો દરમિયાન રૂા. ૫,૦૦,૫૦૦ લઈ લીધા હતા. બાદમાં ફરિયાદીના દિકરા મિરલ સાથે લગ્ન કે સગાઈ નહીં કરાવી કે રૂપિયા પણ પરત નહીં આપી છેતરપિંડી કરી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ફરિયાદ નોંધાતા પેટલાદ શહેર પોલીસે ચાર શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

### કાળા માથાના માનવીનું મૃત્યુ નિશ્ચીત હોય પણ પરલોકનું તેડુ ક્યારે ક્યાં આવે એની ખબર ન હોય

# જમવા જવા નિકળ્યા અને જમ ભેંટતાં બે મિત્રના મોત

## શાપરથી રાજકોટ આવતા હતાં ત્યારે રિધ્ધીસિધ્ધીના નાલા પાસે બનાવઃ શાપરના ચોવીસ વર્ષના યુવાન અને ગુંદાસરના ત્રેવીસ વર્ષના યુવાનના મોતથી પરિવારોમાં કાળો કલ્પાંત

રાજકોટ તા. ૧

કાળનું તેડુ ક્યારે અને કેવી રીતે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. આવી વધુ બે ઘટના બની છે જેમાં બે મિત્રો જમવા જવા માટે નીકળ્યા ત્યારે રસ્તામાં પરલોકનું તેડુ આવી ગયું હતુ. શાપરથી મોટરસાઇકલ પર બેસી બંને મિત્રો રાજકોટ તરફ જમવા આવ્યા ત્યારે ગોંડલ રોડ ચોકડી નજીક અમદાવાદ હાઇવે તરફ જવાના રસ્તે રિધ્ધી સિધ્ધી સોસાયટીના નાલા નજીક બ્રીજ પાસે આ બનાવ બન્યો હતો. બંને ટુવ્હીલર સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયા હતાં. બન્ય બનાવમાં લોઠડા ફેક્ટરીમાં કામ કરતો યુવાન કામ પુરૂ કરી જમવા જવા નીકળતો હતો ત્યારે ફેક્ટરીના કમ્પાઉન્ડમાં જ ક્રેઇનના વ્હીલ હેઠળ આવી જતાં મોત થયું હતું. ત્રીજા બનાવમાં પણ મોરબીના યુવાનને વાહન અકસ્માતની ઘાત નડી હતી. આબુ ફરવા ગયો ત્યાં તેનું મૃત્યુ થયું હતું. ચોથા બનાવમાં એક શાકભાજીના ધંધાર્થી યુવાનને દિલ દગો દઇ ગયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શાપરના ૨૪ વર્ષના યુવાન અને કોટડાસાંગાણીના ગુંદાસર ગામે રહેતાં તેના મિત્ર ૨૩ વર્ષના યુવાનના ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયાં હતાં. બંને મિત્રો રાતે મોટરસાઇકલ પર બેસી રાજકોટ તરફ જમવા જવા નીકળ્યા ત્યારે આ બનાવ બન્યો હતો. તેનું બાઇક સ્લીપ થઇ ગયું કે કોઇ વાહનચાલક ઠોકરે લઇ ભાગી ગયો? તે અંગે તપાસ થઇ રહી છે. વધુ માહિતી અનુસાર શાપર વેરાવળની શાંતિધામ સોસાયટીમાં રહેતો ચોવીસ વર્ષનો દિવ્યેશભાઇ ગોવિંદભાઇ પરમાર નામનો યુવાન અને કોટડાસાંગાણીના ગુંદાસર ગામે રહેતો તેનો મિત્ર ત્રેવીસ વર્ષનો અવિનાશભાઇ વનરાજભાઇ ચાવડા રાતે સાડા દસેક વાગ્યે બાઇકમાં બેસી શાપરથી રાજકોટ તરફ જમવા માટે આવ્યા હતાં. અહિ ગોંડલ રોડ ચોકડી રિધ્ધી સિધ્ધીના નાલા પાસે તેને અકસ્માત નડતાં બંને મિત્રોના ગંભીર ઇજા થવાથી કરૂણ મોત થયા હતાં. આ બનાવની જાણ આજીડેમ પોલીસને થતાં ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. જે બાઇકને અકસ્માત નડ્યો તે દિવ્યેશભાઇનું હતું. જો કે બાઇક કોણ ચલાવતું હતું તે પરિવારજનોને ખબર નથી.

બંને મિત્રોનુ આ વાહન કોઇ કારણોસર સ્લીપ થયું કે કોઇ અન્ય વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો? તે અંગે પણ પરિવારજનોને ખબર ન હોઇ આજીડેમ પોલીસે તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી મુજબ મૃત્યુ પામનાર દિવ્યેશભાઇ બે ભાઇમાં નાનો અને અપરિણીત હતો. તે પરદા બનાવતી ફેક્ટરીમાં નોકરી કરતો હતો. તેના પિતા હયાત ન હોઇ તે પરિવારનો આધારસ્તંભ હતો. જ્યારે તેની સાથે કાળનો કોળીયો બનેલો ગુંદાસરનો અવિનાશભાઇ તેનો મિત્ર હતો. તે પણ બે ભાઇમાં નાનો અને અપરિણીત હતો. તે કુરીયર કંપનીમાં શાપર ખાતે નોકરી કરતો હતો. તેના પિતા કંપનીમાં કામ કરે છે. બંને મિત્રો રાતે શાપરથી જમવા જવા માટે નીકળ્યા હતાં અને રાજકોટમાં ગોંડલ ચોકડીએ અકસ્માત નડ્યો હતો. બે પરિવારે બે જુવાનજોધ કંધોતરને ગુમાવી દેતાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.





**બીજી ઘટનામાં પણ ૧૯ વર્ષનો યુવાન જમવા જતો હતો અને ફેક્ટરી કમ્પાઉન્ડમાં ક્રઇન કાળ બનીઃ ત્રીજા બનાવમાં મોરબીના યુવાનનો આબુમાં વાહન અકસ્માતમાં જીવ ગયો ચોથા બનાવમાં ઘંટેશ્વરમાં બકાલી યુવાનને દિલે દગો દીધો**

બીજો આવો કરૂણ બનાવ રાજકોટના સરધાર નજીક લોઠડા ગામે આવેલી ફેક્ટરીમાં મજૂરી કરતાં મુળ યુપીના યુવાનનું ફેક્ટરીમાં હાઇડ્રોલીક ક્રેઇનના પાછલા વ્હીલમાં આવી જતાં ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતું. જાણવા મળ્યા મુજબ મુળ ઉત્તરપ્રદેશનો રોહિત ઇન્દ્રજીત વર્મા નામનો ઓગણીસ વર્ષનો યુવાન લોઠડા ગામે આવેલી મહાદેવ કાસ્ટ નામની કંપનીમાં નોકરી કરતો હોઇ ગઇકાલે બપોરે જમવા જવા માટે જતો હતો ત્યારે હાઇડ્રોલીક ક્રેઇનના ચાલકે ક્રેઇન પાછળ લેતાં રોહિત પાછલા વ્હીલમાં આવી જતાં ગંભીર ઇજા થતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ મોડી રાતે મોત થતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રોહિત બે ભાઇમાં નાનો હતો અને કુંવારો હતો. એકાદ મહિનાથી તે અહિ નોકરી કરવા આવ્યો હતો અને રૂમ ભાડે રાખીને રહેતો હતો. બનાવથી પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો. આ યુવાન પણ જમવા જમવા નીકળતો હતો ત્યારે કાળનું તેડુ આવી ગયું હતું.

અપમૃત્યુ-વાહન અકસ્માતની ઘાતની ત્રીજી ઘટના જોઇએ તો મોરબીના રફાળેશ્વરમાં રહેતો છત્રીસ વર્ષનો અશોકભાઇ દલાભાઇ રાઠોડ નામનો યુવાન પચ્ચીસમીએ બાઇક હંકારી સિરોહીથી આબુ રોડ પર જતો હતો ત્યારે અકસ્માતમાં ઇજા થતાં સ્થાનીક સારવાર લઇ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અહિ આજે સવારે દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર અશોકભાઇને સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. હાલ મોરબીના લાલપરમાં રહેતો હતો. પોતે લાદીનું કામ કરતો હોઇ મિત્ર સાથે આબુ ફરવા ગયો હતો. જ્યાં વાહન અકસ્માત નડ્યો હતો. આબુ પોલીસને આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા સહિતે જાણ કરતાં વિશેષ તપાસ શરૂ થઇ હતી.

અન્ય એક બનાવમાં દિલની દગાખોરી યુવાન માટે જીવલેણ નીવડી હતી. જામનગર રોડ ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતો આડત્રીસ વર્ષના મંગલભાઇ સુનિલભાઇ વઢવાણીયા સવારે સાતેક વાગ્યે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ અંતિમશ્વાસ લઇ લીધા હતા. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર મંગલભાઇ ત્રણ ભાઇમાં મોટો હતો અને શાકભાજીનો ધંધો કરતો હતો. તેને સંતાનમાં એક દિકરી અને ચાર દિકરા છે. ઘર પાસે સવારે શેરીમાં જ ઢળી પડ્યો હતો અને સારવારમાં ખસેડાયો ત્યારે મૃત જાહેર કરાયો હતો. ગઇકાલે તેને છાતીમાં દુઃખાવો થતો હોઇ દવા પણ લીધી હતી. પાંચ સંતાને પિતાની છત્રછાંયા ગુમાવતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

### શહેરના નંદી પાર્કમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો નથી ત્યાં ભાગોળે કરિયાણાની પેઢીમાં ત્રાટકી ફેંકાયો પડકાર

# ચોરટાઓનો ઉપાડોઃ બેડી યાર્ડમાં બારીમાંથી ઘુસી ૭ લાખની ચોરી

## વેપારી મનોજભાઇ વેકરીયાએ બે દિવસનો વકરો બેંકમાં જમા કરવા માટે પેઢીમાં જ રાખી મુક્યો હતો બુકાનીધારી ચોરટો તણીથી સળીયા કાપી હાથ અજમાવી જતાં કુવાડવા પોલીસની ટીમ કામે લાગી

રાજકોટ તા. ૧

ચોરટાઓએ શહેરમાં ઉપાડો લીધો છે, શહેરની સાથે સાથે શહેરની ભાગોળે પણ ચોરટાઓએ પગલા માંડી પોલીસને દોડતી કરી છે. તહેવારો નજીક આવે ત્યારે ચોરીઓ, ચીલઝડપ સહિતની ઘટનાઓ વધી જતી હોય છે. શહેરના યુનિવર્સિટી રોડ પર નંદી પાર્કમાં શિક્ષકના ઘરમાં થયેલી દસ લાખ એંસી હજારની ચોરીનો ભેદ ઉકેલવા ટીમો મહેનત કરી રહી છે ત્યાં હવે રાજકોટ મોરબી રોડ પર આવેલા બેડી યાર્ડમાં એક બુકાનીધારી ચોર ત્રાટકીને પેઢીમાંથી રૂપિયા સાત લાખની રોકડ ઉસેડી જતાં કુવાડવા પોલીસ, ક્રાઇમ બ્રાંચ, એલસીબીની ટીમો ધંધે લાગી છે.

વિગતો પર નજર કરીએ તો મોરબી રોડ પર બેડી યાર્ડની અંદર એક કરિયાણાની પેઢીમાં ત્રાટકી તસ્કરો લાખોની રોકડ ચોરી ગયા છે. બારીનો સળીયો તોડી બુકાનીધારી ચોર અંદર ઘુસ્યો હોઇ સીસીટીવી ફૂટેજને આધારે ચોરનું પગેરૂ મેળવવા પોલીસ મહેનત કરી રહી છે. વધુ માહિતી અનુસાર બેડી માર્કેટિંગ યાર્ડમાં એન્ટ્રી ગેઇટ સામે જ આવેલી મનોજભાઈ પરષોત્તમભાઇ વેકરીયા-પટેલની માલિકીની મુખારવિંદ એન્ટરપ્રાઇઝ નામની પેઢીમાં ચોરીનો બનાવ બન્યો છે. વેપારી મનોજભાઇ રાજકોટમાં મોરબી રોડ પર મધુવન પાર્ક શેરી નં. ૪માં રહે છે. મોડી મોડી રાત્રે ચોર બારીના સળીયા તોડીને અંદર ઘુસી ગયા હતાં અને સાત લાખની રોકડ ઉસેડી ગયો હતાં.




સવારે પેઢીના માલિક મનોજભાઈ વેકરીયા દૂકાને પહોંચ્યા ત્યારે અંદરે સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. બાદ તેમણે ટેબલનું ખાનું તપાસતા તેમાં રાખેલ આશરે સાત લાખથી વધુની રોકડ ગાયબ જણાતાં ફાળ પડી ગઇ હતી. વધુ તપાસ કરતાં ચોરી થયાની ખબર પડી હતી. ચોર બારીના સળીયા તોડીને અંદર આવ્યાનું જણાયું હતું. તેમણે સીસીટીવી કેમેરા ચેક કરતાં એક બુકાનીધારી શખ્સ તણીથી સળીયા તોડી અંદર આવી ચોરી કરી ગયાનું જોવા મળ્યું હતું. બનાવને પગલે પેઢી માલિક દ્વારા કવાડવા પોલીસને જાણ કરવામાં આવી હતી. કુવાડવા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર બી. પી. રજયા, ખોડુભા જાડેજા, પ્રવિણભાઇ મકવાણા તથા ડી. સ્ટાફની ટીમે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. વેપારી મનોજભાઇ વેકરીયાએ વધુમાં જણાવ્યું હતું કે જે સાત લાખની રોકડ ચોરાઇ ગઇ તે બે દિવસના વેપારની હતી.

પહેલી તારીખે આ રકમ બેંકમાં ભરપાઇ કરવાની હોઇ જેથી ઘરે લઇ જવાને બદલે પેઢીમાં જ રાખી મુકી હતી. રાતે સાડા નવ પછી બુકાનીધારી તસ્કરે તણીથી બારીના સળીયા તોડવાનું ચાલુ કર્યુ હતું. એ પછી તે રોકડ ચોરી ગયો હતો. પોલીસે ફુટેજને આધારે તસ્કરનું પગેરૂ શોધવા મથામણ આદરી હતી. તહેવારો નજીક છે ત્યારે ચોરટા વધુ ભુરાટા બનીને પોલીસને સતત પડકાર ફેંકવા માંડ્યા છે. લાખોની ચોરીના સતત ત્રણ દિવસમાં બે બનાવ બન્યા છે. ત્યારે આ ભેદ ઉકેલવા પોલીસ માટે પડકારરૂપ બની ગયા છે.

# દૂધની ડેરી પાસે વેલ્ડીંગ કરતાં ત્રણને લાગ્યો કરંટ : એકનું મોત

## વેલ્ડીંગ કામના કારીગર ત્રીસ વર્ષના યુવાનનો જીવ ગયોઃ તેના સાળા, અને સર્વિસ સ્ટેશનના સંચાલકનો સારવાર બાદ બચાવ

રાજકોટ તા. ૧

દૂધસાગર રોડ પર હૈદરી ચોકમાં આવેલા સર્વિસ સ્ટેશન પાસે લોખંડના થાંભલાને વેલ્ડીંગ કામ કરી રીપેર કરાયા બાદ ઉભો કરવામાં આવતાં આશરે વીસેક ફુટનો આ થાંભલો ઉપરથી પસાર થતી વિજલાઇનના નમી ગયેલા તારને અડી જતાં વેલ્ડીંગ કામના કારીગર યુવાનનું મોત થયું હતું. જ્યારે અન્ય બે જણાને પણ કરંટ લાગતાં સારવાર લેવી પડી હતી.



વિગતો પર નજર કરીએ તો હૈદરી ચોકમાં વાહનોનું સર્વિસ સ્ટેશન ચલાવતાં જીલ્લાનીભાઇ સુમારભાઇ રાઉમાને ત્યાં પર્સનલ લાઇટનો થાંભલો હોઇ તે થોડો વળી ગયો હોઇ તેમાં વેલ્ડીંગ કરાવવાની જરૂર ઉભી થતાં તેણે કારીગર દૂધની ડેરી પાસે હાઉસીંગ બોર્ડ ક્વાર્ટરમાં ભાડેથી રહેતાં ત્રીસ વર્ષના ભાવેશભાઇ રમેશભાઇ લુદરીયાને બોલાવ્યા હતાં. ભાવેશભાઇના મોટાભાઇ રવિભાઇ આ સર્વિસ સ્ટેશનમાં જ કામ કરે છે. જ્યારે સાળા રવિરાજ ગોરધનભાઇ સરવૈયા ભાવેશભાઇની સાથે આવ્યા હતાં. થાંભલાને વેલ્ડીંગ કરવા માટે સર્વિસ સ્ટેશનથી બહારના ભાગે કોરી જગ્યામાં લઇ જવાયો હતો. વેલ્ડીંગ કરાયા બાદ વીસેક ફુટનો થાંભલો ઉભો કરતાં ઉપરથી પસાર થતી વિજલાઇનના તાણીયા થોડા નીચે આવી ગયા હોઇ તેમાં થાંભલો અડી જતાં ભાવેશભાઇને જોરદાર કરંટ લાગ્યો હતો.

આ ઉપરાંત સાથેના જીલ્લાની ભાઇ અને રવિરાજભાઇને પણ ઝાટકા લાગતાં ત્રણેયને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ભાવેશભાઇએ દમ તોડી દેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ભાવેશભાઇ બે ભાઇમાં નાના હતાં અને સંતાનમાં બે પુત્ર છે. બનાવથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં થોરાળા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. જીલ્લાનીભાઇ અને રવિરાજભાઇને સારવાર બાદ રજા અપાઇ હતી. થોરાળા પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

# મોટામવામાંથી ૨ લાખનો દારૂ પકડાયો

## જથ્થો ઉતારનાર અંકિતની શોધખોળઃ યુનિવર્સિટી પોલીસની ટીમે અલગ અલગ બ્રાન્ડની બોટલો જપ્ત કરી

રાજકોટ તા. ૧

દારૂના જથ્થાને ઝડપી લેવામાં આ વખતે યુનિવર્સિટી પોલીસને સફળતા મળી હતી. જો કે આ જથ્થો ઉતારનારો શખ્સ મળ્યો ન હોઇ તેની તલાસ થઇ રહી છે. શહેરના મોટા વમા નવદુર્ગાપરા-૭ના ખુણે મેઘવાળ સમાજ રામદેવ ટ્રસ્ટની સ્મશાનની દિવાલ પાસેની શેરીમાં દારૂનો જથ્થો ઉતર્યો હોવાની બાતમી પરથી યુનિવર્સિટી પોલીસે દરોડો પાડી રૂા. ૨,૦૫,૨૦૦નો ૨૬૪ બોટલ દારૂ જપ્ત કર્યો હતો. યુીનવર્સિટી પોલીસની ટીમ દારૂ જૂગારના કેસ શોધવા તપાસમાં હતી ત્યારે હેડકોન્સ. વિરદેવસિંહ જાડેજા, કોન્સ. યશપાલસિંહ ઝણકાતની બાતમી પરથી દરોડો પાડવામાંઆવ્યો હતો.



પોલીસે ઓલ સીઝનની ૨૪ બોટલ, ઓલસીઝન ૧૮૦ એમએલની ૧૪૪ બોટલ, રોયલ સ્ટેગની ૭૫૦ એમએલની ૯૬ બોટલ મળી કુલ ૨,૦૫,૨૦૦નો દારૂ કબ્જે કર્યો હતો. આ દારૂ અંકિત જયંતિભાઇ પરમારે ઉતાર્યો હોવાની વિગતો ખુલી હતી. જો કે અંકિત મળી આવ્યો નહોતો. ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇની સુચના અંતર્ગત પીઆઇ એચ. એન. પટેલ, પીઆઇ સી. વાય. મહાલે, પીએસઆઇ જે. એન. ખટાણા, હેડકોન્સ. મહિપાલસિંહ જાડેજા, વિરદેવસિંહ જાડેજા, વિજુભા જાડેજા, જીજ્ઞેશભાઇ મારૂ, પ્રતાપસિંહ મોયા, કોન્સ. વનરાજભાઇ લાવડીયા, દિવ્યરાજસિંહ જાડેજા, મૈસુરભાઇ કુંભારવાડીયા, યશપાલસિંહે આ કામગીરી કરી હતી. આરોપી હાથમાં આવ્યા બાદ તે દારૂ ક્યાંથી લાવ્યો? કોને આપવાનો હતો? તેની વિગતો ખુલશે.

### શહેરની ઝવેરી બજારમાં કરોડોનો વેપાર વિશ્વાસે થાય છે, પણ ક્યારેક થઇ જાય છે વિશ્વાસઘાત

# પેલેસ રોડના વેપારી સાથે કારીગરની કારીગીરીઃ ૧૭ લાખનો ચૂનો

## મુળ રાજસ્થાન પાલીનો વિરેન્દ્ર ઉછીના પેટે બસ્સો ગ્રામ સોનુ લઇ ગયોઃ પછી ઓફિસ અને ફ્લેટ વેંચીને ગાયબ થઇ ગયોઃ એ-ડિવીઝન પોલીસે શોધી કાઢવા શરૂ કરી મથામણઃ આ વખતે ભોગ બન્યા અનિલભાઇ રાધનપુરા

રાજકોટ, તા. ૧

શહેરની ઝવેરી બજારના અનેક ઝવેરીઓ અત્યાર સુધી ભરોસાને કારણે વિશ્વાસઘાતનો સામનો કરીને લાખો કરોડોનું સોનુ ગુમાવી ચુક્યા છે. પરપ્રાંતના અમુક કારીગરો, વેપારીઓ જે તે વેપારી સાથે શરૂઆતમાં પ્રમાણીકતાથી કામ કરી બાદમાં લાખોનું સોનુ ઉસેડી ભાગી જતાં હોય છે. આવા વધુ એક બનાવમાં રાજસ્થાની કારીગર પેલેસ રોડના સોની વેપારી સાથે કારીગીરી કરી સત્તર લાખ આસપાસનું સોનુ લઇ ગાયબ થઇ ગયો છે. આ ગઠીયો મોરબી રોડ પર જ્યાં રહેતો હતો એ ફ્લેટ પણ વેંચી નાંખ્યો હોવાનું વેપારીને જાણવા મળ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો વધુ એક વખત સોની વેપારી સાથે લાખોની ઠગાઇ થઇ છે. પેલેસ રોડ પર રાજમંદિર સામે ચાલીસ વર્ષથી સોના-ચાંદીના દાગીનાની દુકાન ધરાવતાં ત્રિશુલ જ્વેલર્સવાળા વેપારીએ દોઢેક વર્ષના ધંધાકીય સંબંધ બાદ મુળ રાજસ્થાન પાલીના અને હાલ રાજકોટ મોરબી રોડ પર ફ્લેટમાં રહી પેલેસ રોડ પર જ દાગીના બનાવવાનું કામ કરતાં શખ્સને વિશ્વાસે રૂા. ૧૬,૯૯,૫૦૦નું ૨૦૦ ગ્રામ સોનુ ઉછીનું આપ્યું હતું. અઢી મહિનામાં આ સોનુ પોતે પાછુ આપી દેશે તેવી ખાત્રી આપ્યા બાદ આ શખ્સ સોનુ લઇ ઓફિસને તાળા મારી તેમજ ફ્લેટ વેંચીને ભાગી ગયો છે. આ ઘટનામાં એ-ડિવીઝન પોલીસે ગાયત્રીનગર મેઇન રોડ કેનેરા બેંક સામેની શેરીમાં વસુધારા એલીગન્સ ૫૦૪ ખાતે રહેતાં ત્રેસઠ વર્ષના અનિલભાઇ ચંદુભાઇ રાધનપુરા નામના વેપારીની ફરિયાદ પરથી મોરબી રોડ જુના જકાતનાકા પાસે આરકે ડ્રીમલેન્ડ એપાર્ટમેન્ટ બી-વીંગ ત્રીજા માળે ફ્લેટ નં. ૩૦૩માં રહેતાં મુળ પાલી રાજસ્થાનના વિરેન્દ્ર ઓમપ્રકાશ સોની વિરૂધ્ધ રૂા. ૧૬,૯૯,૫૦૦ની છેતરપીંડીની એફઆઇઆર દાખલ કરી હતી.

વેપારી અનિલભાઇરાધનપુરાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને પેલેસ રોડ પર ૧૯-પ્રદ્યુમન શોપી સેન્ટર રાજમંદિર કોલ્ડ્રીંક્સ સામે મારે ત્રિશુલ જ્વેલર્સ નામે દૂકાન છે જ્યાં હું સોના-ચાંદીના દાગીનાનો વેપાર ચાલીસેક વર્ષથી કરુ છું. વિરેન્દ્ રસોની જે મુળ રાજસ્થાનનો છે તે હાલ રાજકોટ રહે છે અને પેલેસ રોડ શીલ્પા જ્વેલર્સવાળી શેરીમાં શ્રી કોમ્પ્લેક્ષમાં ૨૦૨ નંબરની દુકાનમાં શ્રીવિનાયક ગોલ્ડ નામે સોનાના દાગીનાની મજૂરીનું કામ કરે છે. તે અવાર-નવાર સોની બજારમાં મને મળતો હોઇ જેથી તેની સાથે ઓળખાણ થઇ હતી. દોઢેક વર્ષ પહેલા મારે સોનાના દાગીનાનું મજૂરી કામ કરાવવાનું હોઇ જેથી મેં વિરેન્દ્રને વાત કરતાં તેણે પોતે દાગીના બનાવી આપશે તેમ કહ્યું હતું. આથી મેં તેને ફાઇન સોનુ આપ્યું હતું.



તેમાંથી તેદ ાગની ા બનાવીને વેંચાણ કરી તેમાંથી નફો મને આપતો હતો. આ રીતે અમારે ધંધાકીય સંબંધ બંધાયા હતાં. ગત ૨૮/૧/૨૫ના રોજ બપોરે એકાદ વાગ્યે હું મારી દૂકાને હતો ત્યારે વિરેન્દ્ર આવ્યો હતો અને ૨૦૦ ગ્રામ ફાઇન સોનુ દાગીના બનાવવા માટે માંગ્યું હતું. તેમજ કહ્યું હતું કે હું તમને અઢી મહિનામાં આ સોનુ પાછુ આપી દઇશે. મારે દોઢેક વર્ષથી ધંધાકીય સંબંધ હોઇ જેથી વિશ્વાસ રાખી મેં તેને રૂા. ૧૬,૯૯,૫૦૦નું ૨૦૦ ગ્રામ સોનુ ઉછીનું આપ્યું હતું. જો કે અઢી મહિના પસાર થઇ ગયા પછી મેં વિરેન્દ્ર પાસે મારુ સોનુ પાછુ માંગતા તેણે આપ્યુ નહતોું. અવાર-નવાર હું માંગણી કરુ તો તે અલગ અલગબહાના બતાવી વાયદાઓ કરતો હતો.

ત્યારબાદ થોડા દિવસ બાદ તેનો ફોન બંધ થઇ ગયો હતો. જેથી હું વિરેન્દ્રની દુકાને જતાં તેની દુકાન પણ બંધ જોવા મળી હતી. તપાસ કરતાં તે પોતાનો ફ્લેટ પણ વેંચીને જતો રહ્યો હોવાનું મને જાણવા મળ્યું હતું. મારી રીતે તપાસ કર્યા બાદ કોઇ અતોપત્તો ન મળતાં અંતે મેં પોલીસ ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં અનિલભાઇ રાધનપુરાએ કહેતાં એ-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર બી. વી. બોરીસાગરના માર્ગદર્શનમાં પીએસઆઇ બી. આર. સાવલીયાએ ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. આમ વધુ એક વેપારીને વિશ્વાસ મોંઘો પડી ગયો હતો અને લાખોની છેતરપીંડીનો ભોગ બની ગયા હતાં. આ વખતે બંગાળીબાબૂને બદલી રાજસ્થાનનો કારીગર કારીગીરી કરી ગયો હતો.

# સાંઢીયો પુલ સંપૂર્ણ સુરક્ષિત હોવાની આલબેલ

## પ્લેટની બેલેટ તૂટી જતા અધિકારીઓ થયા હેરાન પરેશાન : ઇજનરોએ કહ્યું કોઈ પ્રશ્ન નથી

રાજકોટ, તા. ૧

મહાનગરપાલિકા માટે હાલ દરેક દિવસ જાણે ભારે હોય તેવું જોવા મળી રહ્યું છે મનપા દ્વારા કોઈપણ કામગીરી કરવામાં આવે તો તેમાં નબળાઈ જ નજરે પડે છે અને વિરોધનો વંટોળ જોવા મળતો હોય છે. જામનગર રોડ પર આશરે ૭૪ કરોડથી વધુના ખર્ચે બનનાર ફોરલેન પુલનું કામ શરૂ થઈ ચૂક્યું છે. ત્યારે મહાનગરપાલિકાના અધિકારીઓ ને માહિતી મળી હતી કે સ્લેબ ભરવાની કામગીરી દરમિયાન સ્લેબ ની પ્લેટ બેલેટ તૂટી છે આ વાત સાંભળતા જ સંબંધ વિભાગના અધિકારીઓ તાકીદે ઘટના સ્થળે પહોંચ્યા હતા અને એન્જિનિયર દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું પરંતુ કામમાં કોઈ પણ પ્રકારની ખામી સર્જાઈ ન હતી અને માત્ર પ્લેટ હલી જતા જ સ્લેબ બેસી ગયો હોવાનું માલુમ પડ્યું. હાલ રિસેન્ટરિંગની કામગીરી ચાલી રહી હોવાનો પણ જાણવા મળ્યું છે.

શહેરના જામનગર રોડ પર રૂા.૭૪.૩૨ કરોડ રોડના ખર્ચે ફોરલેન પુલનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. સ્લેબ ભરવાની કામગીરી દરમિયાન ગઈકાલે માધાપર ચોકડી તરફના મેઈન સ્લેબ સિવાયની એક પ્લેટની બેલટ તૂટી જતા મનપાના અધિકારીઓ તાત્કાલીક ઘટના સ્થળે દોડીગયા હતા ઈજનેર દ્વારા નિરક્ષણ કર્યા બાદ જણાવેલ કે, કામમાં કોઇ ખામી નથી પરંતુ પ્લેટ હલી જવાના કારણે સ્બેલ બેસી ગયેલ આથી આ ભાગમાંથી ફ્રેસ ક્રોક્રીટ દૂર કરી રી-સેન્ટ્રીંગની કામગીરી શરૂ કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ.૭૪.૩૨ કરોડનાં ખર્ચે જામનગર રોડ સ્થિત હયાત સાંઢિયા પુલને ડીસ્મેન્ટલ કરીને નવો ફોર લેન બ્રિજ બનાવવા માટે તા.૧૪/૦૩/૨૦૨૪ નાં રોજ વર્ક ઓર્ડર આપીને સાંઢિયા પુલની કામગીરી શરૂ કરવામાં આવેલ હતી.ગઇકાલે જામનગર રોડ ઉપર નવનિર્મીત સાંઢીયા પુલના ડેક સ્લેબનાં ક્રોક્રીટ કામ દરમિયાન મેઇન સ્લેબ સિવાયનાં કેન્ટીલીવર પોર્શનમાં એક પ્લેટની નીચે બોલ્ટ તૂટી જવાથી પ્લેટ બેસી જવાનું ધ્યાને આવતાં તાત્કાલિક ધોરણે તેટલા ભાગમાંથી (૧.૨૦ મી. લંબાઇની ૧-પ્લેટ) ફ્રેસ ક્રોક્રીટ દૂર કરીને લાઇન લેવલ માટે અન્ય ચાર પ્લેટ કાઢીને તેટલા ભાગમાં રી-સેન્ટ્રીંગ કરવાની કામગીરી કરવામાં આવેલ અને ક્રોક્રીટ કામ પૂર્ણ કરવામાં આવેલ છે તથા મેઇન ડેક સ્લેબની ચકાસણી કરેલ છે. તથા તેમાં કોઇપણ જાતની ત્રુટી જણાયેલ નથી. આમ, આ ઘટનાથી ટેકનિકલી તથા ક્વોલીટી બાબતનો કોઇપણ જાતની ક્ષતિ ન હોય, બોલ્ટ તૂટવાનાં કારણે ફકત એક પ્લેટ બેસી જતાં તે પોર્શનમાં સુધારા સાથે સ્લેબ કાસ્ટીંગનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. વિશેષ તકેદારી હેતુથી ક્રોક્રીટ કામની ગુણવતા ચકાસણી માટે વિજીલન્સ શાખા (ટેક.) દ્વારા સેમ્પલ પણ લેવામાં આવેલ છે. વધુમાં હાલ સાંઢિયા પુલ અંદાજીત ૬૫% કામગીરી પૂર્ણ થયેલ છે.



### હત્યાનો ભોગ બનનાર મુળ ઉત્તરપ્રદેશનો વતની હતો છાંટોપાણી લેવાની આદત હતીઃ હત્યારા કોણ? હેતું શું?

# પથ્થરના ઘા માથામાં ફટકારી યુવાનની કરપીણ હત્યા

### માયાણીનગર રોડ ખીજડાવાળા મામાસાહેબના મંદિર સામે પટમાં બનાવ ભેદ ઉકેલવા માલવીયાનગર પોલીસ, LCB ઝોન-૨, DCBની ટીમોએ મહેનત શરૂ કરી







રાજકોટ તા. ૧

રંગીલા, મોજીલા રાજકોટ શહેરમાં એક તરફ સૌ આગામી તહેવારની ઉજવણીની તૈયારીમાં લાગી ગયા છે અને પોલીસ પણ લોકમેળા બંદોબસ્ત સહિતના કામમાં વ્યસ્ત બની છે ત્યારે એક રહસ્યમય હત્યાની ઘટના બની ગઇ છે. જેનો ભેદ ઉકેલવા પોલીસ કામે લાગી છે. શહેરના માયાણીનગર મેઈન રોડ પર મામાસાહેબના ખીજડાવાળા મંદિર નજીક પટમાં મુળ યુપીના યુવાનને માથામાં પાણકાના ઘા મારીને ક્રુરતાથી પતાવી દેવામાં આવ્યો છે. પાંચેક વર્ષથી અહિ રહેતો અને રખડતુ જીવન જીવતો આ યુવાન વેલ્ડીંગ કામ કરી ગુજરાન ચલાવતો હતો. તેની હત્યા કોણે અને શા માટે કરી તેનું રહસ્ય ઉકેલવા માલવીયાનગર પોલીસ, ક્રાઇમ બ્રાંચ, એલસીબી ઝોન-રની ટીમોએ તપાસ શરૂ કરી છે અને અલગ અલગ દિશામાં દોડધામ આદરી છે.

વિગતો પર નજર કરીએ તો માયાણીનગર ખીજડાવાળા મામા સાહેબના મંદિર નજીક પટમાં એક યુવાનની માથામાં ઈજા સાથે લાશ પડી હોવાની જાણ કોઇ જાગૃત નાગરીકે કરતાં કન્ટ્રોલ રૂમ મારફત માલવીયાનગર પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં પીઆઇ જે. આર. દેસાઇ, પીએસઆઇ એમ. જે. ધાધલ, ડી. સ્ટાફની ટીમ પહોંચી હતી. તપાસ કરતાં યુવાનની હત્યા થયાનું જણાયું હતું. માથામાં પથ્થર કે બીજા પદાર્થના ઘા ઝીંકાયાની પ્રાથમિક માહિતી મળી હતી. હત્યાનો બનાવ હોવાની જાણ થતાં ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા, એસીપી બી. જે. ચૌધરી, એલસીબી ઝોન-૨ પીએસઆઇ એચ.આર. ઝાલા સહિતનો કાફલો પણ પહોંચ્યો હતો. હત્યાનો ભોગ બનનાર કોણ છે? તેની તપાસ શરૂ કરવામાં આવી હતી. દરમિયાન એક ફોન નંબર મળતાં તેના આધારે મૃતકના મામા મેટોડા રહી કંપનીમાં નોકરી કરતાં અવધેશ રાજભરનો સંપર્ક કરાયો હતો.

તેણે આવીને આ લાશ પોતાના ભાણેજ રાજેશ ઉર્ફ રાજુ ચિંતામણીભાઇ રાજભરની હોવાનુ ઓળખી બતાવ્યું હતું. હત્યાનો ભોગ બનનારની ઉમર પચ્ચીસ વર્ષની હતી. પોલીસે પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. વધુ માહિતી મુજબ હત્યાનો ભોગ બનનાર રાજેશ રાજભર બે ભાઇ અને એક બહેનમાં મોટો તથા કુંવારો હતો.

હત્યાનો ભોગ બનનારના મામાએ કહ્યું હતું કે પાંચેક વર્ષથી રાજકોટ રહેતો હતો અને મવડી વિસ્તારમાં ફેબ્રીકેશનની મજૂરી કરી ગમે ત્યાં સુઇ રહેતો હતો. ચર્ચા મુજબ તેને નશો કરવાની પણ આદત હતી. જો કે તે જ્યાં કામ કરતો હતો તે મીતુલભાઇને ત્યાં પણ ચાર-પાંચ દિવસથી તે ગયો નહોતો. દરમિયાન રાત્રીના સમયે કોઇએ કોઇપણ કારણોસર તની હત્યા કરી નાંખી હતી. ભેદ ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી હતી. રહસ્યમય આ હત્યાનો ભેદ ઉકેલવા ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ભેદ ઉકેલાઇ જવાની પોલીસને આશા છે.

# લોકમેળા ગ્રાઉન્ડને બનાવાયું સમતળ

## કુલ ૨૩૮ જેટલા સ્ટોલ સામે ૧૬૪ ફોર્મ થયા જમા : બાકીના પ્લોટ માટે તંત્ર હજુ પણ અવઢવમાં

રાજકોટ, તા. ૧

જન્માષ્ટમી પર્વની તૈયારીઓ હાલ શરૂ થઈ ચૂકી છે તેમાં લોકમેળા અંગે પણ તંત્રએ હવે કમર કસી છે. ઘણા ખરા વાદવિવાદો વચ્ચે સંચાલકોને જે રીતે રાજ્ય સરકાર તરફથી લાભ મળ્યો તે વાતને ધ્યાને લઈ આગામી દિવસમાં હાલ રાઈડસ સંચાલકો પણ પોતાની રાઈડસ ગોઠવવા માટેની કામગીરી શરૂ કરશે ત્યારે ગઈકાલથી જ હાલ ગ્રાઉન્ડ સમતોલ કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે સર્વપ્રથમ મેળાના સ્ટોલ માટે મંડપ સર્વિસ અને મેદાનને એક સમાન કરવાની કામગીરી તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

જોકે મેળાની કામગીરી શરૂ થઈ હોવા છતાં, લોકમેળા સમિતિ માટે એક નવી ચિંતા ઊભી થઈ છે. સમિતિ દ્વારા બાકી રહેલા સ્ટોલ માટે ફોર્મ ભરવાની મુદત બે દિવસ માટે લંબાવવામાં આવી હતી. પરંતુ, આ બે દિવસમાં માત્ર ૨૧ જેટલા જ ફોર્મ જમા થયા છે. આથી તંત્ર મૂંઝવણમાં મુકાયું છે, કારણ કે મેળામાં હજી પણ મોટાભાગના સ્ટોલ ખાલી છે. મહત્વનું છે કે રાજકોટના લોકમેળામાં કુલ ૨૩૮ જેટલા સ્ટોલ ઉપલબ્ધ છે, જેની સામે અત્યાર સુધીમાં માત્ર ૧૬૪ ફોર્મ જ જમા થયા છે.



આ પરિસ્થિતિ દર્શાવે છે કે મેળાના આયોજનમાં રસ ધરાવતા લોકોની સંખ્યા અપેક્ષા કરતાં ઓછી છે

મહત્વનું એ છે કે હજુ બાકી રહેતા સ્ટોલ નું આયોજન જિલ્લા વહીવટી વિભાગ કઈ રીતે કરશે તે હવે જોવાનું રહ્યું પરંતુ મહત્વની વાત તો એ છે કે અત્યારે જે સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે તે ઘણા ખરા અંશે વહીવટી તંત્ર માટે રાહતના સમાચાર છે પરંતુ સામે તકલીફ એ વાતની પણ છે કે જો યોગ્ય સ્ટોલ નહીં વેચાય તો તેની વૈકલ્પિક વ્યવસ્થા કેવી રીતે ઊભી કરવી કારણકે સ્ટોલ અને પ્લોટના ગાળા અત્યારથી જ તૈયાર કરવા પડશે પરંતુ અંતિમ સમયમાં પણ પ્લોટ કે સ્ટોલ ખરીદનાર કોઈ ન આવ્યું અને તમામ સરકારી વિભાગોને આપ્યા બાદ પણ પ્લોટ અને સ્ટોલ વધ્યા તો તેનું ભારણ સીધું જ તંત્ર ઉપર જ જોવા મળશે ત્યારે આ અંગે પણ હાલ વહીવટી વિભાગ અને લોકમેળા સમિતિ દ્વારા વિચારણા ચાલી રહી છે. હાલ ૧૬૪ ફોર્મ જમા થયા હોવાનું આવ્યું સામે.

# ઝનાના હોસ્પિટલમાં સગર્ભા મહિલાને મળ્યું નવું જીવન

## ડિલીવરી બાદ બ્લીડીંગ શરૂ થતા ગાયનેક, સર્જીકલ, એનેસ્થેસિયાના તબિબો, નર્સિંગ સ્ટાફે સારવાર આપતાં જીવ બચ્યો

રાજકોટ તા. ૧

સિવિલ હોસ્પિટલ આમ તો છાસવારે વિવાદોને કારણે ચર્ચાના ચકડોળે ચડતી હોય છે. પણ આ વખતે સારી સારવાર, સારા ટીમ વર્કથી કઇ રીતે ગંભીર દર્દીઓના જીવ અહિ બચાવી લેવાય છે તેની સત્ય હકિકત સામે આવી છે. સિવિલ હોસ્પિટલ સંલગ્ન ઝનાના હોસ્પિટલમાં ગંભીર એક પ્રસુતાએ પુરા માસે નોંમલ ડિલીવરી બાદ પોણા ત્રણ કિલોના બાળકને જન્મ આપ્યા બાદ અચાનક આ પ્રસુતાને બ્લીડીંગ ચાલુ થઇ જતાં અને સાથે બ્લડપ્રેશર ઘટનાની સાથે શ્વાસ ઓછા થવા માંડતા હાલત અત્યંત ગંભીર બની ગઇ હતી. આવા સમયે ગાયનેક, મેડિસીન અને એનેસ્થેસિયાના તબિબોની ટીમે સાથે મળી સઘન સારવાર કરી આ પ્રસુતાનો જીવ બચાવી લેતાં તેણીના પરિવારજનોએ સિવિલ હોસ્પિટલના તબિબોનો અને સમગ્ર નર્સિંગ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

વિગતો જોઇએ તો બોટાદમાં રહેતા સત્યાવીસ વર્ષના ગીતાબેન જયદેવભાને પુરા માસે પ્રસુતિની પીડા ઉપડતાં રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ગત ચૌદમી જુલાઈના દાખલ કરવામાં આવી હતી. વધુ પડતો દુઃખાવો હોવાથી ગાયનેક તબીબોની ટિમ દ્વારા ઈમરજન્સીમાં નોર્મલ ડિલિવરી કરવામાં આવતાં તેણીએ બાળકને જન્મ આપ્યો હતો. પરંતુ ડિલીવરી બાદ તેણીને સખત બ્લીડીંગ થવા માંડતાં હાલત ગંભીર થઇ ગઇ હતી. જરૂરી તમામ રિપોર્ટ્સ કરાવવામાં આવતા બ્લીડીંગ થવાના કારણે લીવર, ફેફસા અને કિડની ડેમેજ થયાનું નિદાન થયું હતું.

આથી ગાયનેક, મેડિસિન અને એનેસ્થેસિયાના તબીબોની ટીમએ કમ્બાઈનમાં સઘન સારવાર શરૂ કરી હતી. એનેસ્થેટિસ્ટ દ્વારા વાઇટર્સ અને બીપી મેઈન્ટેઈન રહે તેમજ વેન્ટીલેટર કેર સહિતનું સતત મોનીટરીંગ કરી જરૂરી ડ્રગ્સ ઇન્જેક્શન આપી દર્દીને સ્ટેબલ રાખવા માટે સપોર્ટ આપવામાં આવ્યો હતો. આ પછી પ્રસુતાને વધુ સારવાર માટે ઝનાનામાંથી સિવિલના પીએમએસએસવાય બ્લોકના એમઆઈસીયુ વિભાગમાં ટ્રાન્સફર કરી મેડિસિન વિભાગના તબીબોની ટીમ દ્વારા સઘન સારવાર સરું કરવામાં આવી હતી. એક સમયે વેન્ટિલેટર પર રહેલી પ્રસુતાના પલ્સ પણ આવતા ન હોવાથી ડાયાલીસીસની ૯ જેટલી સાયકલ કરાવી હતી અને સાથે સાથે બ્લડ જામતું ન હોવાથી પ્લાઝમા અને બ્લડ ચડાવવામાં આવ્યા હતા.



બહારના મોંઘા ઇન્જેકશન અને એન્ટિબાયોટિક હાઈડોઝ દવાનો પ્રોટોકોલ મુજબ ઉપયોગ કરવામાં આવતાપ્રસૂતાની તબિયત સુધારા ઉપર આવી હતી અને તેણી સંપૂર્ણ પણે સ્વસ્થ બનતા રજા અપાઇ હતી. તબીબોની ટીમે જણાવ્યું હતું કે આ પ્રકારના કેસમાં દર્દીની બચવાની શક્યતા ખુબ ઓછી હોય છે. આ કેસમાં પ્રસુતા કોમામાં જતી રહે કે બચે નહિ તેવો પણ ભય સર્જાયો હતો. પણ બધાની મહેનત રંગ લાવી હતી અને પ્રસુતાને નવુ જીવન મળ્યું હતું. અત્યંત ગંભીર હાલતમાં મુકાઇ ગયેલી પ્રસુતાને સતત સોળ દિવસની સારવારને અંતે સ્વસ્થ કરી રજા અપાઇ હતી.

પ્રસુતાને નવુ જીવન બક્ષવાની આ કામગીરી ગાયનેક વિભાગ એચઓડી ડો.કમલ ગૌસ્વામી અને મેડિસિન વિભાગના એચઓડી ડો. રાહુલ ગંભીરના માર્ગદર્શન હેઠળ ગાયનેક ડિપાર્ટમેન્ટના એસો.પ્રોફેસર અને યુનિટ હેડ ડો.મેહુલ પરમાર, મેડિસિન ડિપાર્ટમેન્ટના યુનિટ હેડ અને એસો.પ્રો.ડો.આરતી ત્રિવેદી તેમજ એનેસ્થેસિયા વિભાગના એસો.પ્રોફેસર ડો .દીપા ગોંડલીયાના મોનીટરીંગ હેઠળ ગાયનેક વિભાગના ડો.હેમાલી નૈનુજી, ડો. રાજેન પરસાણા, રેસિડેન્ટ ડો.જયનેસ, ડો.મેઘા,ડો.ર્મિ,ડો.જાનવી,ડો. ઉમંગ, ડો,ધારા, ડો.દિપાલી તેમજ મેડિસન વિભાગના એપી ડો. ધવલ અજમેરા,ડી,રીતુ સોલંકી, ડો.મૌલિક ગોંડલીયા, ડો, નલીન મુનિયા તેમજ ગાયનેક અને મેડિસિન વિભાગના નર્સીંગ સ્ટાફે સારવાર આપી હતી. તબિબી અધિક્ષક ડો. મોનાલી માકડીયા અને આરએમઓ ડો. હર્ષદ દુસરા પણ માહિતી આપતી વખતે ઉપસ્થિત રહ્યા હતાં. આ સમગ્ર ટીમને મહિલાના સગા, પરિવારજનોએ ભરપેટ આશીર્વાદ આપ્યા હતાં અને શુભકામનાઓ આપી હતી.

# ડિજીટલ એરેસ્ટના ૧૯ કરોડના કાંડમાં રાજકોટના બે ને ઉઠાવતી SOG

## સ્ટેટ સાયબર ક્રાઇમ ટીમની તપાસમાં નામ ખુલતાં એસઓજીના સંજયસિંહ જાડેજાની ટીમે નિલેષ રાંક અને રાજ સુમરાને દબોચી સોંપી દીધા




રાજકોટ તા. ૧

વૃધ્ધોને અલગ અલગ એજન્સીના નામે ફોન કરી ડરાવી ધમકાવી ડીજીટલ એરેસ્ટ કરી નાણા પડાવવાના કિસ્સા અવાર-નવાર બને છે. આ વચ્ચે તાજેતરમાં રાજ્યના સૌથી મોટા ડિજીટલ એરેસ્ટના કાંડમાં તપાસ કરી રહેલી સ્ટેટ સાયબર ક્રાઇમની ટીમની તપાસનો દોર રાજકોટ સુધી લંબાયો હતો. શહેર એસઓજીની મદદથી આ કૌભાંડમાં રાજકોટના બે શખ્સોને પણ ઉઠાવી લેવાયા છે. કમ્બોડીયાની ગેંગે વૃધ્ધ મહિલા તબિબને ડિજીટલ એરેસ્ટ કરી અધધધ ૧૯ કરોડ ૧૪ લાખ પડાવી લીધા હતાં. આ રકમ અલગ અલગ ૩૫ ખાતાઓમાં જમા થઇ હતી. જે પૈકી બે ખાતા રાજકોટના બે શખ્સોના હોઇ તેને ઉઠાવી લેવાયા છે.

વિગતો જોઇએ તો ગાંધીનગરના વૃદ્ધ મહિલા તબિબી-ગાયનેકોલોજીસ્ટને ત્રણ મહિના સુધી ડિજિટલ અરેસ્ટ કરીને ૧૯.૧૪ કરોડની ગુજરાતની સૌથી મોટી ઈ-ખંડણી વસૂલવામાં આવી છે. કમ્બોડિયાની ગેંગ દ્વારા મહિલા તબીબને સતત ત્રણ મહિના સુધી ડિજિટલ અરેસ્ટ કરીને એટલે કે, સતત પીછો કરવામાં આવતો હતો. ગાંધીનગરની વૃદ્ધાને તમારા ફોનથી લોકોને વાંધાજનક મેસેજ કરવામા આવ્યા છે અને જે પોસ્ટ કરો છો તે વાંધાજનક હોવાથી ગુનો નોંધાયો છે અને તમારી ધરપકડ કરવામાં આવશે... કહી પોલીસ અને વકીલ તરીકે ખોટી ઓળખ આપી ધમકી અપાઈ હતી. વૃદ્ધ મહિલા તબીબ એ હદે કમ્બોડિયાની આ ચીટર ગેંગની વાતોથી હદે ડરી ગઈ કે, પોતાની પાસેથી રોકડ આપ્યા પછી દાગીના વેચ્યા, એફ.ડી. તોડી, શેર વેચી અને લોન લઈને પણ આ ટોળકીના કુલ ૩૫ બેન્ક ખાતાંઓમાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા. સ્ટેટ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ૧૬ જુલાઈએ ફરિયાદ નોંધ્યા બાદ તપાસ કરી એક કરોડની રકમ સુરતના વલથાણમાં રહેતા લાલજી બલદાણીયાના એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ હોવાથી તેની ધરપકડ કરી હતી.

રત્નકલાકાર લાલજીએ પાચ ટકા કમિશન માટે ઓનલાઈન છેતરપિંડી કરતી ગેંગના સાગરિતોને તેનું બેન્ક એકાઉન્ટ ભાડેથી આપ્યું હતું. જેમાં અગાઉ પણ મોટા પ્રમાણમાં આર્થિક વ્યવહાર થયા હતા. ગુજરાતમાં ૧૯ કરોડની રકમ પડાવાયાનો સૌથી મોટો અને લાંબો સમય ડિજિટલ એરેસ્ટનો દેશનો પ્રથમ કેસ નાધાયો હતો. આ કેસની તપાસમાં રાજકોટના બે શખ્સોના નામ પણ ખુલ્યા હતાં. આ શખ્સોના ખાતામાં પણ ફ્રોડની રકમ જમા થયાનું ખુલતાં ગાંધીનગર સાયબર ક્રાઇમની ટીમે રાજકોટ તપાસ માટે આવી પહોંચી હતી. શહેર એસઓજીને જાણ થતાં પીઆઇ સંજયસિંહ જાડેજાની રાહબરીમાં પીએસઆઇ ધાસુરા, ફિરોઝભાઇ શેખ, કિશોરભાઇ ઘૂઘલ સહિતની ટીમોએ આ બંને શખ્સોને શોધી કાઢી ગાંધીનગર સાયબર ક્રાઇમ પોલીસને સોંપ્યા હતાં.

ઝડપાયેલા શખ્સોના નામ નિલેષ જમનભાઇ રાંક (રહે. મવડી બાપા સિતારામ ચોક) તથા રાજ સુમરા નાઝ ઇબ્રહીમ (રહે. સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે લક્ષ્મણ ટાઉનશીપ પાસે) છે. આ બંનેના એકાઉન્ટમાં ૧૯ કરોડના ફ્રોડની રકમ ટ્રાન્સફર કરવામાં ઉપયોગ થયો હતો. લાખોની રકમ પોતાના ખાતામાં જમા કરવા બદલ બંનેને મોટુ કમિશન મળ્યાની તપાસ સ્ટેટ સાયબર ક્રાઇમ પોલીસ કરી રહી છે. સ્ટેટ સીઆઈડી ક્રાઇમના સાયબર સેલમાં ૧૬ જુલાઈએ વિધિવત ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. રાજકોટ શહેર એસઓજીએ બે આરોપીને પકડીને સ્ટેટ સાયબર ક્રાઇમને સોંપ્યા હોઇ બંનેની વધુ પુછપરછ શરૂ થઇ છે. આ બંનેના ખાતમાં કેટલી રકમ આવી? કેટલુ કમિશન મળ્યું? તેનો બેંક ખાતા માટે કોણે સંપર્ક કર્યો? સહિતની વિગતો ઓકાવવામાં આવશે.